dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue- 76 | AD - 2025, Magshar Vad - ((0 | Friday, Dt.19-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ભારે હોબાળા વચ્ચે લોકસભામાં 'VB-G, RAM G' બિલ પસાર

# સ્પીકરનો વિપક્ષને ઠપકો : જનતાએ તમને કાગળો ફાડવા અને ફેંકવા માટે સંસદમાં નથી મોકલ્યા

નવીદિલ્હી,તા.૧૮

મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) ને બદલે વીબી જી રામ જી બિલ, આજે લોકસભામાં હોબાળા વચ્ચે પસાર થયું. બિલને સ્થાયી સમિતિમાં મોકલવા માંગતા વિપક્ષી સભ્યોએ ગૃહની મધ્યમાં વિરોધ શરૂ કર્યો અને સ્પીકરે બિલ પર વિગતવાર ચર્ચા થઈ હોવાનું જણાવ્યા પછી બિલની નકલો ફાડી નાખી. આ બિલ હવે રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. સ્પીકર ઓમ બિરલા આના પર ગુસ્સે થયા અને કહ્યું, "જનતાએ તમને કાગળો ફાડવા અને ફેંકવા માટે સંસદમાં મોકલ્યા નથી." કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા, ડીએમકેના ટીઆર બાલુ અને સમાજવાદી પાર્ટીના ધર્મેન્દ્ર યાદવ સહિત અનેક વિપક્ષી સભ્યોએ બિલનો જોરદાર વિરોધ કર્યો. વિપક્ષી સાંસદોએ કહ્યું કે કાયદામાંથી મહાત્મા ગાંધીનું નામ દૂર કરવું એ રાષ્ટ્રપિતાનું અપમાન છે અને એમ પણ કહ્યું કે આ બિલ રાજ્યો પર વધુ બોજ નાખે છે. બિલના પક્ષમાં દલીલ કરતા, કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે કોંગ્રેસે ફક્ત નેહરુના નામે કાયદા ઘડ્યા છે અને હવે એનડીએ સરકાર પર સવાલ ઉઠાવી રહી છે. તેમણે પ્રિયંકા ગાંધીની ટિપ્પણીને પણ નકારી કાઢી કે સરકાર નામ બદલવામાં "ગ્રસ્ત" છે. ચૌહાણે કહ્યું કે વિપક્ષ નામ બદલવામાં ગ્રસ્ત છે, જ્યારે નરેન્દ્ર મોદી સરકાર ફક્ત કામ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે કહ્યું કે મનરેગા ફક્ત ભ્રષ્ટાચારનું સાધન




હતું અને ભાર મૂક્યો કે આ નવો કાયદો હિસ્સેદારો સાથે પરામર્શ કર્યા પછી રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે સરકારોએ નરેગા પહેલા પણ નોકરી ગેરંટી યોજનાઓ શરૂ કરી હતી. ગ્રામીણ વિકાસ મંત્રી ચૌહાણે ૨૦૦૯ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને નરેગામાં મહાત્મા ગાંધીનું નામ ઉમેર્યું હતું. શિવરાજના જવાબ દરમિયાન, વિપક્ષી સભ્યો "અમને મનરેગા જોઈએ છે" ના નારા લગાવી રહ્યા હતા. ચૌહાણે પ્રિયંકા ગાંધીના આરોપોની ટીકા કરી હતી કે મોદી સરકાર પોતાની મરજી મુજબ યોજનાઓનું નામ બદલી રહી છે અને નેહરુ અને ગાંધીના નામવાળી યોજનાઓની યાદી બનાવી હતી. શિવરાજે કહ્યું હતું કે કોંગ્રેસે ભારતના ભાગલાને સ્વીકારીને મહાત્મા ગાંધીના આદર્શોની હત્યા કરી હતી. તેમણે પાર્ટીને વિભાજીત કરવાની તેમની માંગને ફગાવી દીધી હતી. શિવરાજે કહ્યું હતું કે મનરેગામાં ઘણી ખામીઓ છે. રાજ્યોએ શ્રમ પર વધુ ખર્ચ કર્યો અને માલ ખરીદવા પર ઓછો. તેમણે કહ્યું હતું કે આ ગામોના વિકાસનું બિલ છે. શિવરાજે કહ્યું તમામ રાજ્ય અમારા માટે એક છે. ચેન્નાઈ હોય કે ગોવાહાટી, આપણો દેશ આપણી માટી અલગ ભાષા, અલગ વેષ, આમ છતાં આપણો દેશ એક, તેમણે કહ્યું હતું કે અટલજીએ કહ્યું હતું કે અમે દેશના કોઈ પણ રાજ્યની સાથે ભેદભાવ કરતા નથી. અમારા નેતા અટલ બિહારી બાજપાઈએ કહ્યું હતું કે આ દેશ આપણા માટે જમીનનો ટુકડો નથી જીવતો જાગતો રાષ્ટ્ર પુરૂષ છે. વિરોધ પક્ષના સભ્યોએ અનેક પ્રકારના આરોપો લગાવ્યા. વિપક્ષ પાછળ હટ્યો નહીં, અને ઘણા સાંસદો બિલનો વિરોધ કરવા માટે ગૃહની મધ્યમાં પ્રવેશ્યા. તેમાંથી કેટલાકે બિલની નકલો ફાડી નાખી. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું, "જનતાએ તમને કાગળો ફાડવા માટે અહીં મોકલ્યા નથી. આખો દેશ તમને જોઈ રહ્યો છે."

# કર્ણાટકમાં ચાઈનીઝ જીપીએસ સિસ્ટમથી સજ્જ દરિયાઈ પક્ષી મળી આવતા એજન્સીઓ સતર્ક

કન્નડ,તા.૧૮

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાના કારવાર વિસ્તારમાં એક દરિયાઈ પક્ષી (સીગલ) મળી આવતા સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ છે. આ પક્ષીના શરીર પર ચીની બનાવટનું **GPS** ટ્રેકિંગ ડિવાઈસ લગાવેલું હતું. આ ઘટના એટલા માટે ગંભીર માનવામાં આવી રહી છે કારણ કે કારવાર વિસ્તાર ભારતીય નૌસેનાના વ્યૂહાત્મક રીતે મહત્ત્વના અને સંવેદનશીલ મથકની અત્યંત નજીક છે. કારવારના થિમ્મક્કા ગાર્ડન પાસે દરિયાકિનારે સ્થાનિક લોકોએ એક સીગલ પક્ષી જોયું હતું, જેના શરીર પર કોઈ અજીબ વસ્તુ લાગેલી હતી. શંકા જતાં લોકોએ તાત્કાલિક વન વિભાગની મરીન વિંગને જાણ કરી હતી. વન વિભાગના અધિકારીઓએ પક્ષીને પકડીને તપાસ કરતા તેના શરીરેથી **GPS** ટ્રેકર મળી આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં ટ્રેકર પર કેટલાક કોડ અને નિશાનો જોવા મળ્યા છે. આ ડિવાઈસ ચીનની 'ચાઈનીઝ એકેડમી ઓફ સાયન્સ' હેઠળ આવતા 'રિસર્ચ સેન્ટર ફોર ઈકો-એન્વાયરમેન્ટલ સાયન્સ' સાથે જોડાયેલું હોવાનું બહાર આવ્યું છે. આ સંસ્થા પક્ષીઓના સ્થળાંતર અને પર્યાવરણ પર સંશોધન કરે છે. પોલીસ અને વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, અત્યાર સુધી આ ઘટના જાસૂસી સાથે જોડાયેલી હોવાના કોઈ પુરાવા મળ્યા નથી.

# દિલ્હીમાં 'નો પીયુસી, નો ફ્યુઅલ'નો નિયમ લાગુ, બી-૬થી નીચેના વાહનો માટે પ્રવેશબંધી

ન્યુ દિલ્હી,તા.૧૮

દિલ્હીમાં પ્રદૂષણનો સામનો કરવા માટે ગુરુવારથી ઘણા પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. શહેરમાં આજથી ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (**GRAP**)નો ચોથો તબક્કો લાગુ થઈ ગયો છે. આ અંતર્ગત દિલ્હીમાં **BS**-૬થી ઓછા ધોરણવાળા અન્ય રાજ્યોના ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

વાહનોના પ્રવેશને રોકવા માટે શહેરમાં ૧૨૬ ચેકપોઈન્ટ્સ બનાવવામાં આવ્યા છે. પરિવહન વિભાગની ૮૦ ટીમો પણ તહેનાત રહેશે. ૧૦૦ નવી ઈલેક્ટ્રિક બસો




પણ ચાલશે. શહેરમાં ' નો **PUC**, નો ફ્યુઅલ' નિયમ પણ લાગુ થઈ ગયો છે. આ અંતર્ગત માન્ય **PUC** વિનાના વાહનોને પેટ્રોલ, ડીઝલ કે સીએનજી મળશે નહીં. આ માટે ઓટોમેટિક નંબર પ્લેટ રીડર (**ANPR**) કેમેરા, પેટ્રોલ પંપ પર વોઈસ એલર્ટ અને પોલીસની મદદથી નિયમો લાગુ કરવામાં આવી રહ્યા છે. દિલ્હીમાં આગામી ૬ દિવસ સુધી **AQI** 'ખૂબ ખરાબ' અને 'ગંભીર' કેટેગરીમાં રહેવાનું પૂર્વાનુમાન છે. દિલ્હીમાં **GRAP**-૪ હેઠળ બાંધકામ સામગ્રી લઈ જતાં વાહનો પર સંપૂર્ણ પ્રતિબંધ છે. **CNG**, ઈલેક્ટ્રિક વાહન, પબ્લિક ટ્રાન્સપોર્ટ અને જરૂરી સેવાઓને છૂટ આપવામાં આવી છે. ટ્રાફિક જામ રોકવા માટે ૧૦૦ હોટસ્પોટ્સ પર ગૂગલ મેપની મદદ લેવાશે. નિયમ તોડવા પર વાહન જપ્તી, દંડ અને કાયદેસરની કાર્યવાહી થશે. પર્યાવરણ અધિનિયમ ૧૯૮૬ હેઠળ સજા મળશે.







# મેહુલ ચોક્સીની ભારત પ્રત્યાર્પણ વિરૂધ્ધની અરજી બેલ્જિયમ કોર્ટે ફગાવી

ન્યુ દિલ્હી,તા.૧૮

હજારો કરોડ રૂપિયાના બેંકિંગ કૌભાંડના મુખ્ય આરોપી અને ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સીને વિદેશી ધરતી પરથી ભારત લાવવાના પ્રયાસોને મોટી સફળતા મળી છે. બેલ્જિયમની સર્વોચ્ચ અદાલત, 'કોર્ટ ઓફ કેસેશન' એ મેહુલ ચોક્સીની ભારત પ્રત્યાર્પણ વિરુદ્ધની અરજીને ફગાવી દીધી છે. બેલ્જિયમની કોર્ટે મેહુલ ચોક્સીની દલીલોને નબળી ગણાવતા સ્પષ્ટ કર્યું હતું કે પ્રત્યાર્પણ રોકવા માટે ચોક્સી પાસે કોઈ કાનૂની કે તથ્યાત્મક આધાર નથી. કોર્ટે જણાવ્યું કે પ્રત્યાર્પણની આ પ્રક્રિયા



ભારતીય કાયદાઓ અને યુરોપિયન માનવાધિકાર ધોરણોને અનુરૂપ છે. આ સાથે કોર્ટે મેહુલ ચોક્સી પર ૧૦૪ યુરોનો દંડ પણ ફટકાર્યો છે. ભારત સરકારે મેહુલ ચોક્સીની સુરક્ષા, જેલ વ્યવસ્થા, માનવાધિકાર અને તેની મેડિકલ જરૂરિયાતો અંગે બેલ્જિયમ સરકારને અનેક મહત્વની ખાતરીઓ (**Assurances**) આપી છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૧૯-૧૨-૨૦૨૫


# અમરેલીની ધર્મજીવન હોસ્પિટલની સિદ્ધિ : ટ્રેક્ટર અકસ્માતગ્રસ્ત યુવાનના થાપાની જટિલ સર્જરી સફળ

અમરેલી, તા.૧૮

અમરેલીની ધર્મજીવન હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન ડો. હરકેશ ઝાલાવાડીયાએ તબીબી ક્ષેત્રે એક અનોખી સિદ્ધિ મેળવી છે. તાજેતરમાં ટ્રેક્ટર પરથી પટકાયેલા ૨૬ વર્ષીય યુવાન દર્દીનું અત્યંત જટિલ 'પેલ્વિક ફ્રેક્ચર' (થાપાના હાડકાં)નું ઓપરેશન સફળતાપૂર્વક કર્યું છે. અકસ્માતમાં યુવાનને



જમણા થાપા અને સાથળના મૂળમાં અસહ્ય દુઃખાવો હતો અને તેઓ ઊભા રહી શકતા નહોતા. તબીબી જગતમાં જોખમી ગણાતી આ સર્જરીમાં થાપાના હાડકાંમાં મુખ્ય નસો આવેલી હોવાથી તે પડકારરૂપ હતી. ડો. હરકેશ ઝાલાવાડીયાએ તેમની નિપુણતા, આધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટર અને અનુભવી સ્ટાફની મદદથી આ કઠિન સર્જરી પાર પાડી દર્દીને નવું જીવન આપ્યું છે. આ સફળતાએ અમરેલી અને સૌરાષ્ટ્ર માટે તબીબી સારવાર ક્ષેત્રે એક નવી આશા જગાવી છે.

# લાઠી-ભુરખીયા-દામનગર રોડને ૧૦ મીટર પહોળો બનાવવા રૂ. ૪૬ કરોડ મંજૂર

**રસ્તો પહોળો થશે ત્યારે ભુરખીયા જતાં શ્રધ્ધાળુઓને રાહત થશે**

લાઠી,તા.૧૮

લાઠી–ભુરખીયા-દામનગર માર્ગને ૫.૫ મીટર પહોળાઈમાંથી વધારીને ૧૦ મીટર પહોળો બનાવવા માટે રૂ. ૪૬ કરોડના ખર્ચે મહત્વપૂર્ણ મંજૂરી આપવામાં આવી છે. આ વિકાસકાર્ય સાંસદ ભરતભાઈ સુતરીયા તથા લાઠી ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની સતત મહેનત અને અસરકારક રજૂઆતોને કારણે શક્ય બન્યું છે. આ રોડ પર સુપ્રસિદ્ધ ભુરખીયા હનુમાનજી મંદિર આવેલું હોવાથી દરરોજ તેમજ શનિવાર-મંગળવારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે



આવે છે. રોડ ૧૦ મીટર પહોળો થવાથી યાત્રિકોને સુગમ અને સલામત મુસાફરીની સુવિધા મળશે અને ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન મળશે. આ અવસરે સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, "આ મંજૂરીથી લોકોની વર્ષોની માંગ પૂર્ણ થઈ છે." જ્યારે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું કે, "જનહિતને ધ્યાનમાં રાખી સરકારમાં કરાયેલી રજૂઆતના સકારાત્મક પરિણામ મળ્યા છે."

# રાજુલામાં વોર્ડ નં.૩ના શ્રમજીવીનગરમાં રસ્તાનું કામ શરૂ કરાતા લોકોમાં આનંદ

અમરેલી, તા.૧૮



રાજુલા શહેરમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આ અનુક્રમે રાજુલા નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૩ના શ્રમજીવીનગર (મફતપરા) રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વર્ષોથી ખરાબ હાલતમાં રહેલો આ રોડ સ્થાનિકો માટે મુશ્કેલીરૂપ બન્યો હતો. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની પહેલથી હવે રોડ નિર્માણ કાર્ય શરૂ થતાં આ વોર્ડના રહેવાસીઓને લાંબા સમયથી ચાલતી પરેશાનીઓમાંથી રાહત મળશે.

# ધારી પોલીસ દ્વારા નશાકારક પદાર્થો, રોમિયોગીરી સામે ડ્રાઈવ કાર્યક્રમ યોજાયો

**પોલીસે રોમિયોગીરી કરતા શખ્સોને ઝડપી કાયદાનું ભાન કરાવ્યું**

અમરેલી,તા.૧૮



તસવીર : સંજય વાળા

ધારી પોલીસે રાજ્ય સરકારના જાહેરનામાના કડક પાલન માટે શહેરમાં નશાકારક પદાર્થોના ગેરકાયદેસર વેચાણ, રોમિયોગીરી અને ટ્રાફિક નિયમભંગને અટકાવવા એક વિશેષ ડ્રાઈવનું આયોજન કર્યું હતું. આ ડ્રાઈવનો મુખ્ય ઉદ્દેશ ચરસ, ગાંજો, રોલિંગ પેપર અને સ્મોકિંગ કોન જેવા નશાકારક પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવાનો હતો. પોલીસે સવારથી જ બસ સ્ટેન્ડ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ કાર્યવાહીમાં રોમિયોગીરી કરતા શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. સાથે જ, ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે નિયમભંગ કરતા અનેક વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા હતા અને વેપારીઓને ત્યાં પણ ચેકિંગ થયું હતું.

# બાબાપુરમાં જીવન સંગીત બાલ શિબિરનો પ્રારંભ



તસવીર : હસમુખ રાવલ

બાબાપુર,તા.૧૮

બાબાપુરમાં સર્વોદય સરસ્વતી મંદિરમાં શ્રદ્ધેય પૂ.લાલજી ગુરુજી તથા સ્વ. પૂ. બાલુકાકા તેમજ પૂ. દાદા (ગુણવંતરાય પુરોહિત) અને પૂ. મોટાબા (હસુમતીબેન પુરોહિત)ની સ્મૃતિમાં જીવન સંગીત શિબિરનું ઉદ્‌ઘાટન આજે થયું હતું. આ શિબિરની શરૂઆત સરગમ ગ્રુપ દ્વારા ગીત રજૂ કરી, મુખ્ય મહેમાન શિક્ષણવિદ ડો. ભદ્રાયુભાઈ વચ્છરાજાનીના હસ્તે દીપ પ્રાગટ્યથી થઈ હતી. આ શિબિરમાં સંસ્થાના નિયામક મંદાકિનીબેન જી. પુરોહિત હાજર રહ્યા હતા. શિબિર ૬ દિવસની હોવાથી જુદા જુદા જૂથમાં કાર્ય કરવામાં આવશે, સંગીતના સાત સૂર આધારિત જીવન શિબિર, જીવન નિર્માણ, ચારિત્ર નિર્માણ કરવા માટે વિદ્યાર્થીઓમાં ચારિત્ર નિર્માણની ભાવના જાગે, રાષ્ટ્ર નિર્માણની ભાવના જાગે તેવા હેતુથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આભાર વિધિ જયંતીભાઈ જોશી દ્વારા તથા પરિચય પ્રવીણભાઈ પંડ્યા દ્વારા આપવામાં આવ્યો હતો. આજથી ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓની આ શિબિરમાં જુદી જુદી શાળાના ધોરણ-૧૧ના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# GHCL કંપનીએ રો-મટીરિયલના પરિવહન માટે ૧૦ નવી ઈલેક્ટ્રિક ટ્રક લોન્ચ કરી

અમરેલી,તા.૧૮

જીએચસીએલ લિમિટેડ દ્વારા વૈશ્વિક ક્લાયમેટ ચેન્જની સમસ્યાને પહોંચી વળવા માટે પરિવહન ક્ષેત્રે એક અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. કંપનીના મેનેજમેન્ટ દ્વારા પ્રાયોગિક ધોરણે શરૂ કરાયેલા ૧૦ ઈલેક્ટ્રિક ટ્રકોની સફળતા



બાદ આ વર્ષે વધુ ૧૦ નવી ઈલેક્ટ્રિક ટ્રકોનું અનાવરણ ગુજરાતના અગ્રણી પીપાવાવ પોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું. કંપનીનું રો-મટીરિયલ પીપાવાવ પોર્ટથી સુત્રાપાડા પ્લાન્ટ સુધી પહોંચાડવા માટે આ ઈ-ટ્રકોનો ઉપયોગ થશે. કંપનીનું લક્ષ્ય આગામી સમયમાં વધુમાં વધુ ઈ-ટ્રકો વસાવી તમામ પરિવહન આ માધ્યમથી કરવાનું છે. આ કાર્યક્રમમાં જીએચસીએલ લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ પી.એન. રાવ, પીપાવાવ પોર્ટના સી.ઈ.ઓ. ક્લીન્ટ, સી.ઓ.ઓ. ભરત પંડયા, આઈ.પી.એલ ઈ-ટ્રક કંપનીના હેડ અરવિંદ સિંઘ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્યાર સુધીમાં પ્રદૂષણ ન ફેલાવે તેવા કુલ ૩૦ જેટલા ટ્રક મૂકવામાં આવ્યા છે. સમગ્ર કાર્યક્રમનું સંકલન સાગર પાંડે દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતે વાઈસ પ્રેસિડેન્ટ રાવ તથા સી.ઈ.ઓ. ક્લીન્ટ દ્વારા લીલી ઝંડી આપી ટ્રકોને પ્રસ્થાન કરાવાયું હતું.












## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૪૧/૨૦૨૫

અરજદાર : શ્રી રૂડાભાઈ લખમણભાઈ બાંભણીયા
સરનામુ : મું.ચીત્રાસર તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ચીત્રાસર
મું.ચીત્રાસર તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ચીત્રાસર** ગામના **શ્રી રૂડાભાઈ લખમણભાઈ બાંભણીયા** એ તેમના **પુત્રી નામે શ્રી જીણુબેન રૂડાભાઈ બાંભણીયા નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૮૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ બી.બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૭/૧૨/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૩/૨૦૨૫

અરજદાર : શ્રી પીઠાભાઈ માલાભાઈ મહિડા
સરનામુ : મું.એભલવડ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - એભલવડ
મું.એભલવડ તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના એભલવડ** ગામના **શ્રી પીઠાભાઈ માલાભાઈ મહિડા** એ તેમના **પુત્ર નામે શ્રી અશ્વિનભાઈ પીઠાભાઈ મહિડા નું જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૭/૧૨/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૧૭/૨૦૨૫

અરજદાર : શ્રી નારણભાઈ રાજાભાઈ કવાડ
સરનામુ : મું.મોટામાણસા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મોટામાણસા
મું.મોટામાણસા તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મોટામાણસા** ગામના **શ્રી નારણભાઈ રાજાભાઈ કવાડ** એ તેમના **પુત્રી નામે શ્રી મંજુલાબેન નારણભાઈ કવાડ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૯૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ બી.બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૭/૧૨/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૨૩/૨૦૨૫

અરજદાર : શ્રી બાબાભાઈ દેશાભાઈ વરૂ
સરનામુ : મું.નવી જીકાદ્રી તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નવી જીકાદ્રી
મું.નવી જીકાદ્રી તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નવી જીકાદ્રી** ગામના **શ્રી બાબાભાઈ દેશાભાઈ વરૂ** એ તેમની **પિતા નામે શ્રી દેશાભાઈ ગોલણભાઈ વરૂ નું મરણ** તા.૦૭/૦૬/૧૯૭૨ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૭/૧૨/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# બગસરાના પીઠડીયા ગામે સીસીરોડ અને ગટર લાઈનના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**ધારાસભ્ય જે.વી.કાકડીયા, પ્રદિપ ભાખર સહિતનાઓ હાજર રહ્યા**



અમરેલી,તા.૧૮

બગસરા તાલુકાના પીઠડીયા ગામ ખાતે સી.સી. રોડ તેમજ ગટર લાઈનના વિકાસકાર્યોના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, મહામંત્રી પ્રકાશભાઈ પરમાર, દેવરાજભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ બાબુભાઈ બકરાણીયા, તાલુકા પંચાયત સદસ્ય ચંદુભાઈ નાકરાણી, માર્કેટિંગ યાર્ડ ચેરમેન કાંતિભાઈ વેકરીયા તથા પીઠડીયા ગામના સરપંચ અરવિંદભાઈ ચૌહાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સદસ્યો, ભાજપના હોદ્દેદારો, વિવિધ ગામોના સરપંચો, ગામના આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભાજપ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# તરવડા ગુરુકુલમાં અખંડધૂનનો પ્રારંભ, રજતજયંતિ મહોત્સવની ભવ્ય તૈયારી



અમરેલી,તા.૧૮

તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સ્વામિનારાયણ મહામંત્રના પ્રાગટ્ય દિને સ્વામિનારાયણ ગુરુકુલ, તરવડાના દિવ્ય પ્રાંગણમાં પૂજ્યપાદ કૃષ્ણપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં એક મહિનાની અખંડધૂનનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ આયોજન આગામી ૨૪ થી ૨૮ ડિસેમ્બર દરમિયાન ઉજવાતા તરવડા ગુરુકુલના રજતજયંતિ મહોત્સવના ભાગરૂપે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ.ભ.ધીરુભાઈ બાબરીયા, ચિરાગભાઈ રતિભાઈ ઠેસિયા સહિત યજમાનો અને ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવ ગુરુકુલ સંસ્કૃતિના પુનરોધ્ધારક સંતવર્ય ધર્મજીવનદાસજી સ્વામીના ૧૨૫માં વર્ષે ભાવાંજલિ રૂપે ઉજવાશે, જેમાં દેશ-વિદેશથી હજારો હરિભક્તો પધારશે. રજતજયંતિ મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# રાજુલા શહેરમાં જેટકો દ્વારા લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૧૮

રાજુલા શહેરમાં એસ.ટી. બસ સ્ટેન્ડ સામે અને પોલીસ ચોકીની બાજુમાં જેટકો દ્વારા લોક જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેટકોના કર્મચારીઓએ લોકોને ઊર્જા કઈ રીતે બચાવી શકાય તે બાબતે માહિતી આપી હતી. આજના આ કાર્યક્રમમાં એચ. આર. બારૈયા, એન.બી. બારડ, જે.જે. વાઘેલા, વી. કે. પાડલીયા, એ.એસ. વાઘ, એમ. બી. ધાખડા, આર.જી. વરનાગર, એન.એસ. હટીલા અને વી.કે. ઉમટ સહિત જેટકોનો તમામ સ્ટાફ હાજર રહેલ. આવેલ તમામ ગ્રાહકોને આઈ.એસ.આઈ. સ્ટાન્ડર્ડના વીજળીના ઉપકરણો વાપરવાનો અને જરૂર ન હોય એવા સમયે વીજળી ઉપકરણો બંધ રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# સા.કુંડલા તાલુકાના વંડા ખાતે સ્ટુડન્ટ પોલીસ કેડેટ દ્વારા રમતોત્સવ યોજાયો



તસવીર : સૌરભ દોશી

અમરેલી,તા.૧૮

વંડા પોલીસ સ્ટેશનના પી. એસ.આઈ. પી.જી. રામાણી તેમજ એડીઆઈ વિરલબેનના માર્ગદર્શન હેઠળ પી.પી.એસ. હાઈસ્કૂલ, વંડાના એસપીસી (સ્ટુડન્ટ પોલીસ કેડેટ) દ્વારા ગ્રામીણ યુવા બહેનો માટે ખેલ શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પી. સી. વિરલબેન બી. જાની, પી. સી. કાજલબેન બી. મકવાણા તથા પી.સી. રંજનબેન એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવ અંતર્ગત ખોખો, કબડ્ડી જેવી વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી. સીપીઓ (કોમ્યુનિટી પોલીસ ઓફિસર) એ રેફરી તરીકે ફરજ બજાવી હતી. રમતના અંતે વિજેતા ટીમોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**વિજેતા ખેલાડીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા**

# ધારીના છતડીયા ગામે નવ સિંહો બેઠા હોવાનો વીડિયો વાયરલ



અમરેલી,તા.૧૮

ધારી તાલુકાના છતડીયા ગામ નજીક એકસાથે નવ સિંહ બેઠા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા આ વીડિયોએ ધારી વિસ્તારમાં સિંહોની વધતી વસ્તી અને તેમના મુક્ત વિહારને ઉજાગર કર્યું છે. વન વિભાગની સતત દેખરેખ અને સંરક્ષણ પ્રયાસોથી સિંહોની સંખ્યામાં વધારો થયો છે. મોડી સાંજે અને વહેલી સવારે આવા દ્રશ્યો હવે સામાન્ય બનવા પામ્યા છે.

# સાવરકુંડલા બ્રાંચ શાળા નં.પમાં ગ્રાહક સુરક્ષા જાગૃતિ સપ્તાહ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૧૮

ગ્રાહક સુરક્ષા જાગૃતિ સપ્તાહ અંતર્ગત ગ્રાહક સુરક્ષા મંડળ – સાવરકુંડલા દ્વારા બ્રાંચ શાળા નં. ૫ ખાતે ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમમાં મંડળના માનનીય પ્રમુખ રમેશભાઈ સી. હિરાણી, કન્વીનર ડો. રવિભાઈ મહેતા તથા જાણીતા બિપીનભાઈ પાંધી દ્વારા વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા કાયદા, ગ્રાહકના અધિકારો અને ફરજોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે જ હાલ વધતા સાયબર ફ્રોડના જોખમ અંગે ઓનલાઈન ગેમ ન રમવા, અજાણી એપ, મેસેજ કે લિંકથી દૂર રહેવા અને મોબાઈલનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન અપાયું. અંતે શાળાના આચાર્ય અભિષેકભાઈ પંડ્યાએ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

# અમરેલી જિલ્લામાં મિશ્ર ઋતુનો અનુભવ

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં લોકો મિશ્ર ઋતુનો અનુભવ કરી રહ્યાં છે. વહેલી સવારે અને રાત્રિના ઠંડી બોકાસો બોલાવી રહી છે જયારે બપોરના સમયે તાપમાનનો પારો સડસડાટ ઉપર ચડતા લોકોને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. મિશ્ર ઋતુને કારણે રોગચાળો ફેલાયો છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

ગં.સ્વ.દિપ્તીબેન અશ્વિનભાઈ તૈલી(ઉ.વ.૪૦) તા.૧૭/૧૨/૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે રમાબેન તથા નરભેરાભાઈ ભગવાનભાઈ તૈલીના પુત્રવધૂ, અશ્વિનભાઈ તૈલીના ધર્મપત્ની, તૃપ્તીબેન હસમુખભાઈ તૈલીના ભાભી, જેનીલના મોટા મમ્મી થાય છે. તેમનું બેસણુ તથા પિયરપક્ષની સાદડી તા.૧૯/૧૨/૨૦૨૫ને શુક્રવારના રોજ બપોરે ૪ થી ૬ રાખેલ છે.


**GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો**

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



**સંકુલ KG થી PG**
ઓછી ફી
સારૂ શિક્ષણ
ઉચ્ચ પરિણામ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad159



**ઉત્સવ મીની ઘાણીનું તેલ**
શીંગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525





**BLUE BUDDHA**
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
www.bluebuddha.co.in



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૫/૨૦૨૫

અરજદારશ્રીઃ- ભાણાભાઈ આપાભાઈ વાંક
રે.ખાલપર તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તકમશ્રી ખાલપર તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી માલબાઈબેન આપાભાઈ વાંક નું મરણ તા.૨૭/૦૭/૧૯૮૭ ના રોજ મુ.ખાલપર તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૧૮/૨૦૨૫

અરજદાર : શ્રી વાઘેલા પ્રવિણભાઈ ભુપતભાઈ
સરનામુ : મું.રોહીસા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના **શ્રી વાઘેલા પ્રવિણભાઈ ભુપતભાઈ** એ તેમના **પિતા નામે શ્રી ભુપતભાઈ ભીખાભાઈ વાઘેલા નું મરણ** તા.૧૨/૦૨/૨૦૧૧ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૭/૧૨/૨૦૨૫**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૨૨/૨૦૨૫

અરજદાર :- શ્રી રાણબાઈબેન વા/ઓ રામભાઈ નાજાભાઈ ભુવા
રહે.વાઘણીયા જૂના, તા.બગસરા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.પાણિયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પાણિયા ગામમાં અરજદારશ્રી રાણબાઈબેન વા/ઓ રામભાઈ નાજાભાઈ ભુવા તેઓના ભાઈ રાહુલભાઈ ભીખાભાઈ ભેડા ની જન્મ (તા.૧૪/૧૧/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૩૭/૨૦૨૫

શ્રી નિર્મળાબેન ભીમજીભાઈ સુરાણી વા/ઓ મહેન્દ્રભાઈ અંદ્રપિયા
મુ.બામણગઢ તા.ભેંસાણ, જી.જુનાગઢ હાલ રહે. જુનાગઢ રોડ, મરિયમ મંજિલ સામે, કૃષ્ણ વિહાર, મુ. જેતપુર, તા.જેતપુર જિ.રાજકોટ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ
તા.ભેંસાણ, જી.જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી નિર્મળાબેન ભીમજીભાઈ સુરાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૩ના રોજ ગામ/મોજેઃ બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૧ મી માહે : નવેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

# ધારાસભ્ય જનક તળાવીયાના સમર્પણ કાર્યાલય ખાતે યોજાયો લોક દરબાર: જટિલ પ્રશ્નોનું સ્થળ પર જ નિવારણ

લાઠી, તા.૧૮



અમરેલી જિલ્લાના લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી ખાતેના તેમના કાર્યાલય પર જનતા લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાઠી, બાબરા અને દામનગર સહિત ૧૧૦ ગ્રામીણ વિસ્તારોના ખેડૂતો અને અગ્રણીઓના પ્રશ્નો સાંભળી ધારાસભ્યએ ઓન ધ સ્પોટ નિવારણ લાવી સુંદર કામગીરી કરી હતી. આ લોક દરબારમાં લાઠી, બાબરા અને દામનગર શહેર સહિતના ગ્રામીણ વિસ્તારોના જનપ્રતિનિધિઓ, ખેડૂતો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લોકોએ રજૂ કરેલા પ્રશ્નોને ધારાસભ્ય તળાવીયાએ વ્યક્તિગત રીતે સાંભળ્યા હતા અને ઓન ધ સ્પોટ નિવારણ લાવવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને ટેલિફોનિક તથા લેખિત સૂચનાઓ આપી હતી. અઠવાડિયે અઠવાડિયે આવી રીતે જનતા દરબાર યોજીને એસ.ટી. બસ, વીજળી, ખેડૂતોની મુશ્કેલીઓ, રોડ રસ્તા, ગટર અને સ્ટ્રીટ લાઈટ સહિતના અનેક પ્રશ્નોનું નિવારણ એક જ દિવસમાં લાવીને ધારાસભ્યએ પ્રશંસનીય કામગીરી કરી છે.

**પશુનું મૃત્યુ કુદરતી રીતે થયું છે કે તેની સાથે ક્રૂરતા આચરવામાં આવી છે? : ડો.જી.જે.ગજેરા**

# અમરેલી બાયપાસ રોડ પર કોથળામાં બાંધેલી હાલતમાં વાછરડાનો મૃતદેહ મળી આવતા ચકચાર

અમરેલી, તા.૧૮

અમરેલી-લાઠી બાયપાસ રોડ પર એક કોથળામાં બાંધેલી હાલતમાં ગૌવંશના વાછરડાનો મૃતદેહ મળી આવતા જીવદયા પ્રેમીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે યોગ્ય તપાસ કરવા માટે પોલીસને લેખિતમાં જાણ કરવામાં આવી હતી

મળતી વિગતો અનુસાર, અમરેલી-લાઠી રોડ બાયપાસ સર્કલથી મોટા માચીયાળા તરફ જતા માર્ગ પર રોડની સાઈડમાં એક શંકાસ્પદ કોથળો (બોરો) પડેલો જોવા મળ્યો હતો. સ્થાનિક જાગૃત નાગરિકે તપાસ કરતા તેમાંથી ગૌવંશના વાછરડાનો મૃતદેહ મળી આવ્યો હતો. વાછરડાને કોથળામાં ક્રૂરતાપૂર્વક બાંધીને ત્યાં ફેંકી દેવામાં આવ્યું હતું. આ ઘટના અંગે ડો. ગોવિંદભાઈ જે. ગજેરા (સૌરાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ પ્રાંત અધ્યક્ષ) એ પોતાના લેટરપેડ પર પોલીસને લેખિત જાણ કરી પોલીસ તપાસની માંગ કરી હતી. અરજીમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે, પશુનું કુદરતી રીતે મૃત્યુ થયા બાદ તેને ત્યાં ફેંકી દેવામાં આવ્યું છે કે પછી તેની સાથે કોઈ ક્રૂરતા આચરવામાં આવી હતી? આ બાબતે સત્ય બહાર આવે તે માટે જરૂરી તપાસ કરવાની માંગ કરવામાં આવી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ટોડા-લાઠી વચ્ચે ખાનગી બસ અને બોલેરો વચ્ચે અકસ્માતમાં યુવાનને ગંભીર ઈજા

લાઠી, તા. ૧૮

લાઠી અને ટોડા ગામ વચ્ચે એક ખાનગી બસ અને બોલેરો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. અકસ્માત સર્જી બસ ચાલક પોતાની બસ લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. મોટા માચીયાળા ગામના વતની મનોજભાઈ લક્ષ્મણભાઈ ચાવડા (ઉં.વ. ૩૭) પોતાની બોલેરો કેમ્પર (નંબર: GJ-૧૪-X-૭૧૯૦) લઈને દામનગર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ટોડા અને લાઠી ગામની વચ્ચે રેવાભાઈ ભરવાડની વાડી પાસે સામેથી આવતી મારૂતી દર્શન ટ્રાવેલ્સની બસ (નંબર: GJ-૦૫-BT-૮૬૮૫) ના ચાલકે પોતાની બસ પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બોલેરો સાથે જોરદાર ટક્કર મારી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની ફાયર ટીમ દ્વારા ઠેબી નદીમાં પડેલી ગાયનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું

**ફાયર વિભાગની ટીમે માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું**

અમરેલી,તા.૧૮



બુધવારે રાત્રે ૧૧:૦૮ કલાકે અમરેલી ફાયર કંટ્રોલરૂમને જાણ થઈ કે શહેરના કુંકાવાવ રોડ પર પુલ નીચે આવેલી ઠેબી નદીના પાણી અને ગાંડી વેલની વચ્ચે એક ગાય ફસાયેલી છે. માહિતી મળતાની સાથે જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ટીમે પોતાના જીવના જોખમે, અંધારામાં સૂઝબૂઝ વાપરીને આશરે બે કલાકની મહામહેનત બાદ ગાયનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. આ માનવતાપૂર્ણ કામગીરીમાં સાગરભાઈ પુરોહિત, ભગવતસિંહ ગોહિત, સવજીભાઈ ડાભી, જગદીશભાઈ ભુરીયા અને હર્ષભાઈ ચાવડા સહિતના સ્ટાફે માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યુ હતું.

# સા.કુંડલામાં 'તું મને ગમતી નથી' કહી પતિએ પત્નીને ઘરેથી કાઢી મૂકી

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા શહેરમાં એક પતિએ તેની પત્નીને 'તું મને ગમતી નથી' તેમ કહી પહેરેલા કપડાએ ઘરેથી કાઢી મૂકી હતી. બનાવ અંગે એકતાબેન પાર્થભાઈ બગસરીયા (ઉ.વ.૨૪)એ પતિ પાર્થભાઈ નરેન્દ્રભાઈ બગસરીયા, નરેન્દ્રભાઈ કાન્તીભાઈ બગસરીયા, આશાબેન નરેન્દ્રભાઈ બગસરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીઓએ તેમને ઘરકામ બાબતે મેણાટોણા મારી માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. પતિ તેમની સાથે અવાર-નવાર ઝઘડાઓ કરી 'તું મને ગમતી નથી' તેમ કહી ગાળો બોલી ઘરેથી પહેરેલા કપડે કાઢી મૂકી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# 'હું કહું તેમ કામ કરવાનું' કહી વડીયામાં લેબર કોન્ટ્રાક્ટરને ગાળો આપી માર માર્યો

વડીયા, તા.૧૮

વડીયામાં એક લેબર કોન્ટ્રાક્ટરને 'હું કહું તેમ કામ કરવાનું' કહી ગાળો આપીને ફટકારવામાં આવ્યો હતો તેમજ ગાળો પણ આપી હતી. આ અંગે ડાયાભાઈ ઘેલાભાઈ પરમાર (ઉ.વ.૫૧)એ કનુભાઈ કહોરના દીકરા સહિત ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તથા સાહેદો વડીયા ગામે મારૂતીનગરમાં જાહેર રોડ પર આર.સી.સી. રોડનું કામ કરતા હતા. આ સમયે કનુભાઈ કહોરના દીકરાએ તેના મજૂરને કહેલ કે, 'હું કહું તેમ કામ કરવાનું છે.' જેથી તેમણે આરોપીને કહ્યું કે, 'તારે મારી સાથે વાત કરવાની, મજૂરને હું પૈસા આપું છું.' આટલું સાંભળતા આરોપી ઉશ્કેરાઈને મારવા દોડ્યો હતો. આ દરમિયાન સાહેદ પ્રફુલભાઈ તથા પ્રવિણભાઈ વચ્ચે પડતાં આરોપી ત્યાંથી જતો રહ્યો હતો અને થોડી વારમાં અજાણ્યા બે વ્યક્તિઓ સાથે આવ્યો હતો. ત્રણેય આરોપીઓએ તેમને તથા સાહેદોને લાકડાના ધોકા વડે આડેધડ માર માર્યો હતો. તેમજ શરીરે મુંઢ ઈજાઓ કરી અને ગાળો આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં પત્ની અને બાળકોથી અલગ રહેતા પુરુષે આપઘાત કરતા ચકચાર

રાજુલા, તા.૧૮

અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી, જેમાં પત્ની અને બાળકો છેલ્લા બે વર્ષથી અલગ રહેતા હોવાના દુઃખમાં એક વ્યક્તિએ ગળાફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. અમરાભાઈ કાળાભાઈ કવાડ (ઉ.વ.૬૦) એ જાહેર કર્યા મુજબ, અશોકભાઈ અમરાભાઈ કવાડ (ઉ.વ.૩૦) ના પત્ની અને બાળકો છેલ્લા બે વર્ષથી કોઈ કારણોસર તેમનાથી અલગ રહેતા હતા. પરિવારથી વિખૂટા પડ્યા બાદ તેઓ માનસિક રીતે પરેશાન રહેતા હતા અને એકલતા અનુભવતા હતા. પરિવાર સાથે ન હોવાનું મનમાં લાગી આવતા, અંતે તેમણે કંટાળીને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બે વર્ષના વિરહ બાદ પરિવારના મિલન પહેલા જ આધેડે આત્મઘાતી પગલું ભરતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં વિધવાએ દિયરવટુ કરવાની ના પાડતાં ધમકી આપી

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલામાં એક મહિલાનો પતિ કોરોનામાં ગુજરી ગયો હતો. જે બાદ તેના દિયરે દિયરવટુ કરવાનું કહ્યું હતું. દીયર કામ-ધંધો કરતો ન હોવાથી તેણે ના પાડતાં જાનથી મારવાની ધમકી આપી હતી. શહેનાઝબેન મુસ્તુફાભાઈ જાદવ (ઉ.વ.૪૦) એ દિયર જાહીદભાઈ ઉર્ફે બાલો ઉમરભાઈ જાદવ સામે ફરિયાદ નોંધાવી હતી.

મળતી વિગત મુજબ, ફરિયાદી મહિલાના પતિનું આજથી પાંચ વર્ષ પહેલાં કોરોના દરમિયાન અવસાન થયું હતું. પતિના મૃત્યુ બાદ બંને પરિવારો વચ્ચે એવી વાતચીત થઈ હતી કે મહિલાનું તેના દિયર જાહીદ ઉર્ફે બાલા સાથે દિયરવટું નિકાહ કરવામાં આવે, પરંતુ દિયર કામધંધો ન કરતો હોવાથી નિકાહની ના પાડી હતી.

ફરિયાદી મહિલાને સંતાનમાં ત્રણ બાળકો છે, જેમના ભરણપોષણની જવાબદારી મહિલા પર છે. દિયર જાહીદ ઉર્ફે બાલો કોઈ કામ-ધંધો કરતો ન હોવાથી, મહિલાને લાગ્યું કે તે બાળકોનું ભરણપોષણ કરી શકશે નહીં. આ આર્થિક કારણોસર મહિલાએ તેની સાથે નિકાહ પઢવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. નિકાહ માટેના ઈનકારથી ઉશ્કેરાઈ ગયેલા જાહીદ ઉર્ફે બાલાએ મહિલા સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. તેણે ગંદી ગાળો આપી હતી અને જો તે નિકાહ નહીં કરે તો તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવથી ફફડી ગયેલી મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ અમાસ
તા. ૧૯-૧૨-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૯,
સૂર્યાસ્ત-૦૫:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૧૯-૧૨-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજે કોઇપણ નવા કાર્યને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. તમારામાં નવી વસ્તુઓને જાણવાની ઇચ્છા રહેશે.

વૃષભ: તમને કોઇ સારી સફળતા મળવાની છે. તમારાથી આ સમયે કોઇ ભૂલ થવાની શક્યતા છે. તણાવને હાવી થવા દેશો નહીં.

મિથુન: જેટલો વધારે પરિશ્રમ કરશો તેટલું જ અનુકૂળ પરિણામ પણ પ્રાપ્ત થશે. દૈનિક કાર્યોને શાંતિથી પૂર્ણ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

કર્ક: પાર્ટનરશિપને લગતા કાર્યોમાં પારદર્શિતા જાળવી રાખવી જરૂરી છે. તમારી દિનચર્યાને લગતા કાર્યોમાં સંપૂર્ણ ઊર્જા લગાવીને ધ્યાન આપી શકશો.

સિંહ: પરિવાર સાથે હરવા-ફરવા તથા ડિનરનો પ્રોગ્રામ બનશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી વિતેલી યાદો તાજા થશે.

કન્યા: તમારા વિરોધીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખો. વેપારમાં આજે કોઇ કામ પ્રત્યે વધારે મહેનતની જરૂરિયાત છે.

તુલા: સંબંધોને મજબૂત જાળવી રાખવાની તમારી કોશિશ સફળ થશે. તમે તે દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની કોશિશ કરશો, જેની તમને ઇચ્છા હતી.

વૃશ્ચિક: પરિવારમાં વાતાવરણ સુખદ રહેશે. ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે તમારો વધતો વિશ્વાસ પણ તમને શાંતિ અને માનિસક સુખ આપશે.

ધન: વેપારમાં નવી પાર્ટીઓ તથા નવા લોકો સાથે વ્યવહાર કરતા સમયે થોડું સાવધાન રહો. બુદ્ધિમત્તા, હોશિયારથી તમે તમારા મહત્ત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો.

મકર: તમારી સહનશક્તિમાં ઘટાડો ન આવવા દેશો. બપોર પછી સમય ખૂબ જ શાંતિપૂર્ણ અને અનુકૂળ છે. અન્ય માટે પ્રેરણાદાયી રહેશે.

કુંભ: રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે.

મીન: આ સમયે કોઇપણ પ્રકારનું દેવુ લેવાથી બચવું. વેપારમાં ફાયદો આપતી નવી યોજનાઓ બનશે. શારીરિક અને માનસિક થાક રહી શકે છે.

# લાઠીના ધામેલ ગામે પુત્ર પરિણીતાને ભગાડી જતાં પિતાએ ટ્રેન નીચે પડતું મૂક્યું

લાઠી, તા. ૧૮



લાઠી તાલુકાના ધામેલ ગામના એક આધેડે ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. પત્ની અને પુત્રી બંને ગામના જ આધેડના પુત્ર સાથે ભાગી જતાં, તે બાબતનું મનમાં લાગી આવતા આધેડે જીવન ટૂંકાવ્યું હોવાનું સામે આવ્યું હતું. રાજુભાઈ મગનભાઈ પંચાસરા (ઉ.વ.૩૭) એ જાહેર કર્યા મુજબ, રાભડા ગામે રહેતા અમરશીભાઈ નાગજીભાઈ પંચાસરા (ઉ.વ.૫૫) એ હાથીગઢ ગામની સીમમાં આવેલ રેલવે ટ્રેકમાં ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કર્યો હતો. ધામેલ ગામમાં રહેતા અશોકભાઈ ચાવડાની પત્ની અને પુત્રીને મૃતકનો પુત્ર અક્ષય ભગાડી ગયો હતો. આ મામલે અશોકભાઈએ ન્યાય મેળવવા માટે લાઠી કોર્ટમાં અરજી કરી હતી. આ કેસની કોર્ટમાં મુદત હતી. કોર્ટની કાર્યવાહી અને પરિવારની આ સ્થિતિ જોઈ અશોકભાઈને મનમાં ખૂબ જ લાગી આવ્યું હતું. સામાજિક પ્રતિષ્ઠા અને પરિવારના વિખવાદથી હતાશ થયેલા અશોકભાઈએ અંતે ટ્રેનના પાટા ઉપર પડતું મૂકીને પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. ઘટનાની જાણ થતા જ રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની તપાસ હાથ ધરી હતી.

# પાણીયા ગામે બોલાચાલીના મનદુઃખમાં ધમકી આપી

અમરેલી, તા.૧૮

અમરેલીના પાણીયા ગામે ૧૫ દિવસ પહેલા થયેલી બોલાચાલીના મનદુઃખમાં ધમકી આપવામાં આવી હતી. શીવરાજભાઈ ભાભલુભાઈ વાળાએ વાસુરભાઈ ભેડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને આરોપીના દીકરા ઓઘડભાઈ વાસુરભાઈ ભેડા સાથે પંદર દિવસ પહેલા ઝઘડો તથા બોલાચાલી થઈ હતી. જેનું વેર દાઝ રાખી તેઓએ લોખંડના પાઈપ વડે જમણા હાથે કોણી ઉપર બે ઘા મારી મુંઢ ઈજા કરી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલી જિલ્લામાંથી કેફી પીણું પીને ફરતાં ૨૨ પકડાયા

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતાં ૨૨ લોકોને ઝડપી પાડ્યા હતા. તમામને લોકઅપ ભેગા કરવામાં આવ્યા હતા. આ સિવાય જિલ્લામાં ૮ સ્થળેથી ૫૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. પોલીસે તમામ લોકો સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૯૪/૨૦૨૫

અરજદાર : શ્રી જાદવ પુંજાભાઈ દેવાયતભાઈ
સરનામુ : મું.લુણસાપુર તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લુણસાપુર
મું.લુણસાપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લુણસાપુર** ગામના **શ્રી જાદવ પુંજાભાઈ દેવાયતભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી જાદવ પુનમબેન પુંજાભાઈ નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૯૨/૨૦૨૫

અરજદાર : શ્રી ગુજરીયા મનુભાઈ ભાણાભાઈ
સરનામુ : મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વારાહસ્વરૂપ
મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ** ગામના **શ્રી ગુજરીયા મનુભાઈ ભાણાભાઈ** એ તેમની (૧) **પુત્રી નામે શ્રી ગુજરીયા નીતાબેન મનુભાઈ નો જન્મ** તા.૧૨/૧૨/૨૦૦૧ (૨) **પુત્રી નામે શ્રી ગુજરીયા તેજલબેન મનુભાઈ નો જન્મ** તા.૦૫/૦૯/૨૦૧૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૪૩/૨૦૨૫

શ્રી અંકુર પ્રવિણભાઈ ભુવા
મુ.ખંભાળીયા તા.ભેંસાણ, જી.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખંભાળીયા
તા.ભેંસાણ, જી.જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી અંકુર પ્રવિણભાઈ ભુવાનો જન્મ તા.૨૭/૧૨/૧૯૯૮ના રોજ ગામ/મોજે: ખંભાળીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ખંભાળીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૨ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**તંત્રી લેખ**

# વિકસિત ભારતના નિર્માણનો 'સાગરમાલા' મંત્ર

ભારતનું ભૌગોલિક માળખું પ્રકૃતિનો એક અણમોલ આશીર્વાદ છે. લગભગ ૭,૫૦૦ કિલોમીટરનો લાંબો દરિયાકિનારો અને ૨૦,૦૦૦ કિલોમીટરથી વધુનો આંતરિક જળમાર્ગ -આ માત્ર નકશા પરના આંકડા નથી, પરંતુ ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાની મહત્વાકાંક્ષી સફરનો આધારસ્તંભ છે. તાજેતરમાં, ૨૦ સપ્ટેમ્બરે, ગુજરાતના ભાવનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રૂ. ૩૪,૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સની ભેટ આપીને આ વિઝનને વધુ મજબૂત બનાવ્યું, જ્યાં તેમણે સ્પષ્ટ સંદેશ આપ્યો કે દેશની સમૃદ્ધિનો માર્ગ હવે સમુદ્રમાંથી પસાર થવાનો છે. છેલ્લા ૧૧ વર્ષોમાં કેન્દ્ર સરકારે દરિયાઈ ક્ષેત્રે જે સતત કાર્ય કર્યું છે, તે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ક્ષેત્ર હવે માત્ર માછીમારી અને સંરક્ષણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે દેશના આર્થિક વિકાસનું મુખ્ય એન્જિન બની ગયું છે. સરકારના પ્રયાસોનું કેન્દ્રીય વિઝન છે - 'સાગરમાલા' - જેના દ્વારા બંદરીય વિકાસ, પોર્ટ-લેડ ઈન્ડસ્ટ્રિયલાઈઝેશન, દરિયાકિનારાના સમુદાયોનો વિકાસ અને કનેક્ટિવિટીને સુધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ભાવનગર ખાતેના રૂ.૩૪,૦૦૦ કરોડના રોકાણો, જે સ્પષ્ટપણે બંદર આધુનિકીકરણ, શિપબિલ્ડિંગ અને લોજિસ્ટિક્સ ક્ષમતાઓને વધારવા પર કેન્દ્રિત હશે, તે ગુજરાતના સમુદ્રી વારસાને એક નવી ઊંચાઈ આપશે. ગુજરાત, જેની પાસે દેશનો સૌથી લાંબો દરિયાકિનારો છે, તે હંમેશાથી ભારતનું 'ગેટવે ટુ ધ વર્લ્ડ' રહ્યું છે. આ નવા પ્રોજેક્ટ્સ ભાવનગરને માત્ર સ્થાનિક જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારના નકશા પર વધુ પ્રમુખતાથી સ્થાપિત કરશે. આ દ્રષ્ટિકોણ બે મુખ્ય સ્તંભો પર આધારિત છે. પ્રથમ, આર્થિક વૃદ્ધિ: દરિયાઈ માર્ગો વિશ્વભરમાં માલસામાનના પરિવહનનો સૌથી સસ્તો અને ઈકો-ફ્રેન્ડલી માર્ગ છે. લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો સીધો જ 'મેક ઈન ઈન્ડિયા' અને નિકાસ ક્ષમતાને વેગ આપે છે. કાર્યક્ષમ બંદરો, મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ પાર્ક્સ અને આંતરિક જળમાર્ગોનો ઉપયોગ દેશના જીડીપીમાં નોંધપાત્ર વધારો કરી શકે છે. બીજું, ભૂ-રાજકીય અને સંરક્ષણ મહત્ત્વ: હિંદ મહાસાગરમાં ભારતની ભૂમિકા નિર્ણાયક છે. મજબૂત બંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિપિંગ ઉદ્યોગ માત્ર વેપાર માટે જ નહીં, પરંતુ દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા માટે પણ અનિવાર્ય છે. ભારત જ્યારે 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે પરિવહન, ઊર્જા અને વેપાર માટે દરિયાઈ ક્ષેત્રનું મહત્ત્વ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. કેન્દ્ર સરકારનું વિઝન હવે આ 'બ્લુ ઈકોનોમી'ની ક્ષમતાને સંપૂર્ણપણે સિધ્ધ કરવા પર કેન્દ્રિત છે, જેમાં ભાવનગર જેવા શહેરો પાયાની ઈંટ સાબિત થશે. ભાવનગર, જે ઐતિહાસિક રીતે જહાજ ભાંગવાના ઉદ્યોગ અને બંદર પ્રવૃત્તિઓ માટે જાણીતું છે, તે હવે ભારતનું અને વિશ્વનું સૌપ્રથમ કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG) ટર્મિનલ પ્રાપ્ત કરીને દરિયાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નકશા પર એક નવું સીમાચિહ્ન સ્થાપિત કરી રહ્યું છે. ૨૦ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રૂ.૪,૦૦૦ કરોડથી વધુના આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો, જે ગુજરાત મેરીટાઈમ બોર્ડ (GMB) અને ખાનગી ક્ષેત્રના કન્સોર્ટિયમ વચ્ચેની ભાગીદારીનું પરિણામ છે. આ પ્રોજેક્ટ માત્ર ભાવનગર પોર્ટના આધુનિકીકરણનું એક પગલું નથી, પરંતુ તે દેશના ઊર્જા સુરક્ષા વિઝન અને સ્વચ્છ ઈંધણ તરફના સંક્રમણ માટે એક મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છે. આ CNG ટર્મિનલની સ્થાપના, દરિયાઈ વેપાર દ્વારા ઊર્જા આયાત કરવાની ભારતની ક્ષમતામાં ક્રાંતિ લાવશે.

# નવી ટેકનોલોજીને કારણે કૃષિ ક્ષેત્રે ભારત આત્મનિર્ભર બની રહ્યું છે



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભારતીય સંસ્કૃતિ અને અર્થતંત્રના મૂળમાં જો કોઈ હોય તો તે છે તેનું કૃષિ ક્ષેત્ર. પેઢી દર પેઢીથી, ખેતી માત્ર એક વ્યવસાય નહીં, પણ જીવનશૈલી રહી છે. તે કરોડો લોકોની આજીવિકાનું સાધન છે અને રાષ્ટ્રની ખાદ્ય સુરક્ષાનો આધારસ્તંભ છે. તાજેતરના દાયકાઓમાં, ભારતે આ પાયાના ક્ષેત્રમાં એક નોંધપાત્ર પરિવર્તનનો પ્રારંભ કર્યો છે, જેનો મુખ્ય ધ્યેય છે – આત્મનિર્ભરતા. છેલ્લાં અગિયાર વર્ષોથી, ભારતે આયાત પરની તેની નિર્ભરતાને ક્રમશઃ ઘટાડીને કૃષિ ક્ષેત્રે સ્વાવલંબન તરફ ઝડપથી અને મક્કમતાથી પગલાં ભર્યાં છે. આ માત્ર આર્થિક નીતિનું પરિવર્તન નથી, પણ રાષ્ટ્રીય દૃષ્ટિકોણનું ગહન પરિવર્તન છે. આઝાદી પછીના પ્રારંભિક દાયકાઓમાં, ભારત વસ્તી વધારો અને અપૂરતી કૃષિ પદ્ધતિઓના કારણે વારંવાર ખાદ્ય સંકટનો સામનો કરતું હતું. ખાસ કરીને ૧૯૬૦ના મધ્યમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિઓએ દેશને વિદેશી સહાય પર નિર્ભર રહેવાની ફરજ પાડી. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે, કૃષિ ઉત્પાદનમાં ઝડપી અને વ્યાપક વધારો અનિવાર્ય હતો. હરિયાળી ક્રાંતિનો પાયો આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સહયોગ અને ભારતીય નેતૃત્વની દૂરંદેશી દ્વારા નંખાયો. વિશ્વભરમાં 'હરિયાળી ક્રાંતિના જનક' તરીકે ઓળખાતા ડૉ. નોર્મન બોર્લોગ દ્વારા વિકસાવવામાં આવેલી ઉચ્ચ ઉપજ આપતી જાતો (High-Yielding Varieties - HYVs) – ખાસ કરીને ઘઉં અને ચોખાના બિયારણો – આ ક્રાંતિનું હાર્દ હતા. ભારતમાં, જાણીતા કૃષિ વૈજ્ઞાનિક ડૉ. એમ.એસ. સ્વામિનાથનના પ્રયાસોથી આ ક્રાંતિને મૂર્ત સ્વરૂપ મળ્યું; ભારતમાં તેમને 'હરિયાળી ક્રાંતિના પિતા' તરીકે ઓળખવામાં આવે છે. એક સમય હતો જ્યારે કૃષિને માત્ર પરંપરાગત વ્યવસાય તરીકે જોવામાં આવતી હતી, પરંતુ આજે દેશનો દૃષ્ટિકોણ સંપૂર્ણપણે બદલાઈ ગયો છે. હવે ખેડૂતોને માત્ર અન્નદાતા તરીકે નહીં, પરંતુ રાષ્ટ્ર નિર્માણના મહત્ત્વપૂર્ણ ભાગીદાર અને ભારતના વિકાસના સશક્ત વાહક તરીકે જોવામાં આવે છે. આ પરિવર્તને ખેડૂતોના મનોબળને મજબૂત કર્યું છે અને તેમને ઉત્પાદકતા વધારવા માટે પ્રોત્સાહિત કર્યા છે. તેઓ હવે માત્ર પોતાના પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશની ખાદ્ય સુરક્ષા માટે નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યા છે. આત્મનિર્ભર કૃષિનો માર્ગ ખેડૂતોના સશક્તિકરણથી શરૂ થાય છે. જ્યારે ખેડૂતો સશક્ત બને છે, ત્યારે તેઓ નવીનતમ તકનીકો અપનાવવા, ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણોનો ઉપયોગ કરવા અને ઉત્પાદકતા વધારવાના માર્ગો શોધવા માટે સક્ષમ બને છે. સરકારની નીતિઓ અને પહેલોએ ખેડૂતોને આ દિશામાં મદદ કરી છે. સિંચાઈની સુવિધાઓમાં સુધારો, બજારની સીધી પહોંચ, પાક વીમા યોજનાઓ અને ટેક્નોલોજીના સમાવેશથી કૃષિ ક્ષેત્ર વધુ સક્ષમ બન્યું છે. ભારતીય કૃષિ વૈવિધ્યસભર છે, જેમાં અનાજ, કઠોળ, તેલીબિયાં, ફળો અને શાકભાજીની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે. આ દરેક ઉપક્ષેત્રમાં ઉત્પાદન વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી કોઈ પણ ચોક્કસ વસ્તુ માટે વિદેશી આયાત પર નિર્ભર ન રહેવું પડે. ખાદ્ય સુરક્ષાના મામલામાં આત્મનિર્ભરતા એ ભારતની રાષ્ટ્રીય પ્રાથમિકતા બની ગઈ છે. જ્યારે દેશ પોતાની જરૂરિયાત મુજબનું અનાજ અને અન્ય ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરવામાં સક્ષમ હોય છે, ત્યારે તે વૈશ્વિક બજારની અનિશ્ચિતતાઓથી મુક્ત રહે છે. આ આત્મવિશ્વાસ ભારતને માત્ર સ્થાનિક જરૂરિયાતો પૂરી પાડવા પૂરતો મર્યાદિત નથી રાખતો, પરંતુ તેને ખાદ્ય ઉત્પાદનમાં વૈશ્વિક નેતૃત્વની દિશામાં પણ લઈ જવા માટે તૈયાર કરે છે. ભારતીય ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઉચ્ચ ગુણવત્તાવાળા ખાદ્ય પદાર્થો હવે વિશ્વના બજારોમાં પોતાની ઓળખ બનાવી રહ્યા છે. ભારતના વિવિધ કૃષિ ઉત્પાદનોની નિકાસમાં વધારો થવો એ આ વૈશ્વિક નેતૃત્વની દિશામાં એક સ્પષ્ટ સંકેત છે. સશક્ત ખેડૂત અને આત્મનિર્ભર કૃષિ ક્ષેત્ર માત્ર ખાદ્ય સુરક્ષા માટે જ નહીં, પણ દેશના એકંદર આર્થિક વિકાસ માટે પણ મહત્ત્વપૂર્ણ છે. કૃષિ ક્ષેત્રનું મજબૂત પ્રદર્શન ગ્રામીણ અર્થતંત્રને વેગ આપે છે, ગરીબી ઘટાડવામાં મદદ કરે છે અને ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે. ભારતીય કૃષિએ સાબિત કર્યું છે કે તે પડકારોને અવસરોમાં પરિવર્તિત કરવાની ક્ષમતા ધરાવે છે. વૈશ્વિક કટોકટીના સમયમાં પણ, ભારતના ખેડૂતોએ અવિરત કામ કરીને દેશને ખાદ્ય સંકટથી બચાવ્યો છે, જે આત્મનિર્ભરતાના સંકલ્પને વધુ મજબૂત કરે છે. આ પ્રયાસમાં ટેક્નોલોજી અને સંશોધનની ભૂમિકા અનિવાર્ય છે. ડ્રોન ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, જમીન પરીક્ષણ અને સચોટ ખેતી (Precision Farming) જેવી આધુનિક પદ્ધતિઓ ભારતીય ખેડૂતોના હાથમાં શક્તિશાળી સાધનો બની રહી છે. આનાથી માત્ર ઉત્પાદન જ નહીં, પણ પાકની ગુણવત્તા અને કાર્યક્ષમતામાં પણ સુધારો થાય છે. આધુનિક માર્કેટિંગ પ્લેટફોર્મ્સ અને ઈ-નામ જેવી યોજનાઓ ખેડૂતોને વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડીને તેમના ઉત્પાદનો માટે યોગ્ય ભાવ મેળવવામાં મદદ કરે છે. નિષ્કર્ષરૂપે, ભારતની આત્મનિર્ભરતાની યાત્રામાં કૃષિ ક્ષેત્ર મોખરે છે. છેલ્લાં અગિયાર વર્ષોમાં, જે પાયો નંખાયો છે તે અત્યંત મજબૂત છે. ખેડૂતો પ્રત્યેનો બદલાયેલો દૃષ્ટિકોણ અને તેમને રાષ્ટ્ર નિર્માણના અભિન્ન અંગ તરીકે જોવાની નીતિએ જબરદસ્ત સકારાત્મક અસર પેદા કરી છે. સશક્ત ખેડૂતો, આધુનિક ટેક્નોલોજી અને મજબૂત નીતિગત સમર્થનનું આ સંયોજન ભારતને ખાદ્ય સુરક્ષાના મામલામાં માત્ર સ્વ-નિર્ભરતા જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં ખાદ્ય ઉત્પાદનમાં અગ્રેસર બનાવશે. ભારતનો ખેડૂત આજે માત્ર ખેતી નથી કરી રહ્યો, તે રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યો છે.

**કૃષિ ક્ષેત્રે ભારતના નવા આયામો અમલમાં આવી રહ્યા છે. નવી ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. ૭૦ વર્ષ પહેલા ભારત વિદેશમાંથી ઘઉં મંગાવતું હતું. આજે ભારત અન્ન ક્ષેત્રે આત્મનિર્ભર છે.**

## શબ્દ સંજોગ-૨૧૯



**આડી ચાવી :**
(૧) કાપણી કરીને આડો નાખેલો પાક (૩)
(૩) વેળાસર, સવેળા (૩)
(૬) નાચનો અવાજ (૨)
(૭) કદી, કોઈ દહાડો (૩)
(૧૦) વાસના, મનોભાવ (૩)
(૧૨) વધ્ય પુરૂષને પહેરવાનું વસ્ત્ર (૪)
(૧૪) મોટી સંખ્યામાં નાણુ (૩)
(૧૬) ઓરમાયુ, અપરમાનું (૩)
(૧૭) જલદી, ઓચિંતુ (૩)
(૧૯) તીવ્ર સ્વર (૨)
(૨૧) મધ્ય પ્રદેશનું એક શહેર (૪)
(૨૩) ધન રાશીનો સૂર્ય (૪)
(૨૫) વીંધમાં બેસે તેવો છેડો, બંધબેસતો સાંધો (૨)
(૨૬) એક પ્રાચીન ઉપવન-બુધ્ધનું જન્મસ્થાન (૩)
(૨૮) પગના તળીયાનો એડી તરફનો ભાગ (૨)
(૨૯) કલરવ, મધુર શોર (૪)
(૩૦) ઉનાળાના ગરમ પવનનો ઝપટો (૧)

**ઉભી ચાવી :**
(૧) ભાતું (૩)
(૨) બની, રચાઈ, ઘડાઈ (૨)
(૩) હમેશા (૨)
(૪) મશાલ (૩)
(૫) મસ્તી, તોફાન (૨)
(૭)સાધુનું કમંડળ –જળપાત્ર (૩)
(૮) શિવનું ધનુષ (૩)
(૯) બીજાનું (૩)
(૧૧) લીલમ (૪)
(૧૨) મોઈ-દંડાની રમત (૩)
(૧૩) ઉઘરાણીનો કાગળ, લખણી (૨)
(૧૫) એક જાતનું બારીક કાપડ (૪)
(૧૬) પ્રમાણિક, નિષ્કપટી (૪)
(૧૮) શેરડીનું કોલુ (૩)
(૨૦) વાડ ----------વેલો ન ચડે (૨)
(૨૨) અજોડ, અદ્વિતિય (૩)
(૨૩) ધનવાન (૨)
(૨૪) લગભગ સાડી આડત્રીસ રૂપિયાભાર જેટલું વજામ (૩)
(૨૭) વિણ, વિના (૨)
(૨૮) કરશણ કાપીને સુકાવા માટે કરેલા નાના ઢગલા (૨)

## શબ્દ સંજોગ-૨૧૮ જવાબ

**આડી ચાવી:** (૧) પ્રતિભા પાટીલ (૫) કર્ફ્યુ (૬) નુસખો (૭) વિલ (૮) પલ (૧૦) સંપ્રદાય (૧૨) સપોર્ટર (૧૫) રજ (૧૬) સરત (૧૭) બકરો (૨૦) મોકો (૨૧) બારદાન (૨૨) ફળ (૨૪) ડુંગર (૨૭) મદન (૨૯) મકરસક્રાંતિ

**ઉભી ચાવી:** (૧) પ્રતાપ (૨) ભાનુ (૩) પાસપોર્ટ (૪) ટીખો (ખોટી) (૫) કલદાર (૭) વિપ્ર (૯) લસરકો (૧૧) યજમાન (૧૩) પોત (૧૪) રબર (૧૬) સમોવડુ (૧૮) કદાચ (૧૯) રોન (૨૧) બાળ (૨૨) બરફ (૨૩) સ્વાદ (૨૫) ગમ (૨૬) ધ્યાસં (સંધ્યા) (૨૭) મતિ (૨૮) નગ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૯૦ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૭૦૦ |
| જુવાર સફેદ | ૭૯૨ | ૯૦૫ |
| જુવાર લાલ | ૮૦૫ | ૯૨૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૫૫૦ |
| બાજરી | ૨૯૯ | ૪૩૫ |
| તુવેર | ૮૦૦ | ૧૩૨૦ |
| ચણા પીળા | ૯૫૫ | ૧૦૬૮ |
| ચણા સફેદ | ૧૩૭૦ | ૧૮૭૦ |
| અડદ | ૮૮૦ | ૧૫૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૯૫૦ |
| વાલ દેશી | ૫૫૫ | ૯૯૫ |
| ચોળી | ૯૧૦ | ૧૧૨૦ |
| મઠ | ૯૦૦ | ૧૫૦૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| કળથી | ૪૪૧ | ૫૪૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૦૧૫ | ૧૩૮૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૬૫ |
| તલી | ૧૭૨૫ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| એરંડા | ૧૦૯૦ | ૧૩૦૦ |
| અજમો | ૧૭૫૦ | ૨૨૫૦ |
| સોયાબીન | ૮૨૧ | ૮૯૦ |
| સીંગફાડા | ૯૨૦ | ૧૪૭૪ |
| કાળા તલ | ૩૭૩૦ | ૪૯૧૧ |
| લસણ | ૧૦૯૧ | ૨૦૩૦ |
| ધાણા | ૧૪૫૦ | ૧૮૮૦ |
| મરચા સુકા | ૨૧૦૦ | ૩૬૬૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૮૫૦ |
| વરીયાળી | ૧૧૧૫ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૫૨૫ | ૩૯૨૬ |
| રાય | ૧૩૪૧ | ૧૮૫૦ |
| મેથી | ૯૨૧ | ૧૨૭૦ |
| અશેરીયો | ૧૦૦૮ | ૧૧૧૧ |
| કલોંજી | ૪૧૦૦ | ૪૫૦૦ |
| રાયડો | ૧૦૫૧ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૬૨૦૫ | ૯૯૦૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૬ | ૭૦૮ |
| પપૈયા | ૬૨ | ૮૯ |
| બટેટા | ૧૩૪ | ૩૯૭ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૩૦ |
| ટમેટા | ૭૦૪ | ૧૦૧૧ |
| સુરણ | ૬૮૨ | ૮૦૪ |
| કોથમરી | ૨૧૩ | ૪૧૭ |
| મુળા | ૨૪૩ | ૩૬૬ |
| રીંગણા | ૪૧૭ | ૧૦૧૬ |
| કોબીજ | ૧૧૦ | ૨૧૭ |
| ફ્લાવર | ૨૯૮ | ૫૨૪ |
| ભીંડો | ૭૯૩ | ૧૩૯૬ |
| ગુવાર | ૧૦૨૧ | ૧૫૨૨ |
| ચોળાસીંગ | ૫૯૧ | ૮૦૪ |
| વાલોળ | ૫૦૬ | ૮૧૭ |
| ટીંડોરા | ૭૨૯ | ૧૧૨૯ |
| દુધી | ૧૦૩ | ૧૮૨ |
| કારેલા | ૫૯૮ | ૧૦૧૯ |
| સરગવો | ૯૪૮ | ૧૯૬૬ |
| તુરીયા | ૮૨૪ | ૧૨૨૭ |
| પરવર | ૧૨૮૯ | ૧૪૧૭ |
| કાકડી | ૪૭૮ | ૮૦૭ |
| ગાજર | ૨૦૯ | ૪૫૮ |
| વટાણા | ૫૮૮ | ૮૨૪ |
| તુવેરસીંગ | ૩૫૬ | ૫૦૬ |
| ગલકા | ૪૮૬ | ૬૧૭ |
| બીટ | ૨૪૨ | ૩૨૮ |
| મેથી | ૨૦૬ | ૩૧૧ |
| વાલ | ૮૧૩ | ૧૦૨૬ |
| ડુંગળી લીલી | ૨૯૬ | ૪૦૭ |
| આદુ | ૯૬૪ | ૧૦૪૯ |
| ચણા લીલા | ૯૪ | ૪૧૭ |
| મરચા લીલા | ૪૯૦ | ૮૧૬ |
| હળદર લીલી | ૪૦૭ | ૫૧૦ |
| લસણ લીલું | ૬૧૧ | ૧૩૧૪ |
| મકાઇ લીલી | ૨૪૩ | ૩૫૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૫૩૬ |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૭૨ |
| ઘઉં ટુકડા | ૫૦૮ | ૬૭૦ |
| મગફળી જીણી | ૯૭૧ | ૧૩૦૧ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૪૨૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૨૨૧ |
| એરંડા / એરંડી | ૧૨૮૧ | ૧૩૨૧ |
| જીરૂ | ૨૭૦૧ | ૪૦૩૧ |
| વરીયાળી | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૧૬ |
| લસણ સુકું | ૮૫૧ | ૧૯૯૧ |
| ડુંગળી લાલ | ૩૧ | ૩૫૬ |
| અડદ | ૮૭૧ | ૧૩૫૧ |
| તુવેર | ૮૧૧ | ૧૩૪૧ |
| રાય | ૧૮૭૬ | ૧૮૭૬ |
| મેથી | ૭૦૦ | ૧૨૩૧ |
| કાંગ | ૩૦૧ | ૫૮૧ |
| મરચા | ૮૦૧ | ૪૦૫૧ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૩૩૬ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૯૫૧ |
| મગફળી ૬૬ | ૧૦૫૧ | ૧૫૩૬ |
| તલ - તલી | ૧૪૭૧ | ૨૨૧૧ |
| ધાણી | ૧૧૦૧ | ૧૯૨૧ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૪૦૧ |
| બાજરો | ૩૭૧ | ૪૪૧ |
| જુવાર | ૬૦૦ | ૯૭૧ |
| મકાઇ | ૪૨૧ | ૪૨૧ |
| મગ | ૮૧૧ | ૧૮૦૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૯૧ |
| વાલ | ૫૦૦ | ૯૪૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૯૫૧ |
| સોયાબીન | ૭૧૧ | ૮૯૬ |
| ગોગળી | ૯૦૦ | ૧૧૨૧ |
| વટાણા | ૧૧૦૧ | ૧૬૨૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૮૦ | ૮૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| તુવેર | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૫૦૦ | ૧૦૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૬૦ |
| અંબાળા | ૪૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૬ |
| તાંજરીયા પુરા | ૨ | ૯ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અલાવીપન | ૧૦ | ૧૫ |
| જીજરાં | ૨૦૦ | ૩૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૭ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૮૦ | ૧૨૭૦ |
| શીંગ ૬૬ | ૯૦૦ | ૯૦૦ |
| શીંગ ગીરનાર | ૯૫૫ | ૧૩૫૮ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૪૦૦ |
| શિંગદાણા | ૧૧૦૦ | ૧૩૮૧ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૧૦૯૦ | ૪૧૯૦ |
| તલ કાશ્મીરી | ૧૬૯૦ | ૨૪૪૫ |
| બાજરો | ૩૮૦ | ૭૩૦ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૮૬ | ૫૭૧ |
| મગ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| અડદ | ૯૪૦ | ૧૩૮૦ |
| ચણા | ૭૯૦ | ૧૧૧૬ |
| ચણા દેશી | ૧૧૭૧ | ૧૧૭૧ |
| સફેદ ચણા | ૯૩૫ | ૧૦૭૦ |
| કપાસ | ૭૭૦ | ૧૫૪૦ |
| એરંડા | ૧૦૯૫ | ૧૩૧૭ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૮૪૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૮૦૦ |
| મેથી | ૯૪૦ | ૯૪૫ |
| સોયાબીન | ૭૦૭ | ૮૭૬ |
| રજકાનું બી | ૨૮૦૦ | ૭૨૦૦ |
| મરચા લાંબા | ૮૩૦ | ૩૬૮૦ |
| કાંગ | ૫૩૯ | ૫૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શકકરીયા | ૬૨૦ | ૮૨૦ |
| ટમેટાં | ૯૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૧૦ | ૨૧૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૫૦૦ | ૮૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૮૧૦ | ૧૦૧૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૯૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૪૧૦ | ૬૧૦ |
| પાલક | ૬૨૦ | ૭૨૦ |
| મકાઈ | ૨૧૦ | ૩૧૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૯૦ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૨૧૦૧ |
| તલ કાળા | ૩૫૦૦ | ૪૭૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૦૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૨ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૭ |
| બાજરો | ૩૯૧ | - |
| મગ | ૧૩૧૫ | - |
| અડદ | ૭૫૦ | ૧૧૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૭ |
| તુવેર | ૮૦૦ | - |
| મેથી | ૯૦૦ | - |
| ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૨૩ | ૮૬૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| કપાસ કોડી | ૯૦૦ | ૧૧૯૬ |
| મગફળી | ૯૦૫ | ૧૨૫૧ |
| ચણા | ૯૪૫ | ૧૦૦૦ |
| અડદ | ૯૮૫ | ૧૨૪૫ |
| ધાણા | ૧૫૫૧ | ૧૫૭૦ |
| શીંગ દાણા | ૧૦૮૫ | ૧૩૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૫ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| વાલ | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૭૨૫ |
| મેથી | ૭૫૦ | ૭૫૦ |
| મગ | ૧૧૬૦ | ૧૧૬૦ |
| બાજરો | ૫૫૦ | ૫૫૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૫૨ |
| મગફળી | ૭૩૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૩૫ |
| મકાઈ | ૫૨૦ | ૫૨૦ |
| લસણ | ૫૩૦ | ૧૨૦૫ |
| ચણા છોલે | ૧૩૦૫ | ૧૩૦૫ |
| ચણા સફેદ | ૮૦૦ | ૧૦૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૯૬ | ૧૫૪૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૭૦ | ૧૪૧૪ |
| તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૧ |
| બાજરો | ૩૮૧ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૦૦ |
| જુવાર | ૭૦૦ | ૯૩૫ |
| મગ | ૬૦૦ | ૨૯૦૧ |
| ચણા | ૮૦૫ | ૧૦૪૧ |
| સોયાબીન | ૬૨૬ | ૮૪૩ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૨૩ |
| મગફળી | ૧૦૨૬ | ૧૩૧૩ |
| ચણા | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર સફેદ | ૯૫૦ | ૯૫૦ |
| અડદ | ૯૨૬ | ૯૨૬ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૫૬૦ | ૮૪૨ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૭૦ |
| કપાસ મીડીયમ | ૯૯૦ | ૧૨૧૦ |
| મગફળી | ૧૦૧૫ | ૧૩૪૫ |
| તલ સફેદ | ૧૬૩૦ | ૨૦૬૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૯૦૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| ચણા | ૯૭૦ | ૧૦૯૦ |
| અડદ | ૯૧૦ | ૧૨૧૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૩૮ | ૧૩૩૨ |
| શીંગ ૩૯ | ૯૫૭ | ૧૨૫૦ |
| શીંગ ગીરનાર | ૧૦૩૬ | ૧૩૫૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૮૨ | ૧૩૪૪ |
| જુવાર | ૩૪૧ | ૭૪૬ |
| બાજરી | ૩૮૧ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૯૯ | ૬૨૦ |
| અડદ | ૮૩૦ | ૧૧૫૦ |
| મગ દેશી | ૩૫૦ | ૩૩૪૦ |
| સોયાબીન | ૬૭૬ | ૮૯૦ |
| ચણા | ૯૫૨ | ૧૦૩૬ |
| તલ સફેદ | ૧૩૮૪ | ૨૧૭૫ |
| તલ કાળા | ૧૪૦૦ | ૪૨૯૫ |
| તુવેર | ૯૨૫ | ૯૨૫ |
| અજમા | ૪૭૦ | ૧૦૦૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૪૦૦ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૨૪ |
| ડુંગળીસફેદ બી. | ૨૨૪ | ૯૪૪ |
| કપાસ શંકર | ૮૯૫ | ૧૪૯૯ |
| નાળીયેર | ૩૬૫ | ૨૦૧૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૫ |
| ચણા | ૭૦૧ | ૧૦૧૧ |
| અડદ | ૮૦૧ | ૧૨૭૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૯૧ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૨૦૧ |
| મેથી | ૫૦૧ | ૭૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૨૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૮૬ |
| **કોડીનાર** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૭૬૨ |
| મગફળી જી-૨૦ | ૧૦૪૧ | ૧૩૬૮ |
| મગફળી ૩૨ | ૯૭૪ | ૧૩૪૬ |
| બાજરો | ૩૩૦ | ૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૬૬ |
| જુવાર | ૭૫૧ | ૯૦૧ |
| અડદ | ૬૫૦ | ૧૫૪૫ |
| તલ | ૧૪૫૦ | ૨૦૯૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૯૫ |
| કાંગ | ૪૦૫ | ૫૨૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૩૦ | ૮૫૫ |
| બાજરો | ૩૫૦ | ૪૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૭ |
| મગ | ૧૫૦૦ | ૧૮૪૫ |
| અડદ | ૭૦૦ | ૧૨૩૫ |
| તુવેર | ૯૨૫ | ૧૨૦૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૮૦૦ |
| તલ | ૭૦૦ | ૨૧૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૬૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૪૦ |
| અજમો | ૧૪૦૦ | ૩૧૦૦ |
| અજમાની ભુકી | ૫૦ | ૨૫૦૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૮૨૦ |
| મરચા | ૮૦૦ | ૪૩૦૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૩૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના ‘વિચારોનું વાવેતર’ કાર્યક્રમમાં વેપારી દ્રષ્ટિકોણ પર અપાયું માર્ગદર્શન

સુરત,તા.૧૮

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા આયોજિત ૧૩૮મા ’થર્સડે થોટ’ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળા અને ઉદ્યોગ સાહસિક જયદીપ સોજીત્રાએ વિદ્યાર્થીઓ અને યુવાનોને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, ડિગ્રી તમને નોકરી આપે પરંતુ વેપારી દ્રષ્ટિકોણ તમને સારી ઓળખ આપે છે. જીવનના દ્રષ્ટિકોણ જ વેપારી દ્રષ્ટિકોણ બનાવે




છે. કાર્યક્રમમાં ’વેલગ્રીન પિલો લી.’ ના ફાઉન્ડર જયદીપ સોજીત્રા ખાસ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. માત્ર ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ હોવા છતાં સફળ બ્રાન્ડ બનાવનાર જેતપુરના સરધારપુર ગામના ખેડૂતપુત્ર જયદીપભાઈએ જણાવ્યું કે, વિઝન સ્પેસિફિક, મેજરેબલ અને ટાઈમ બાઉન્ડીંગ હોવું જોઈએ. આ પ્રસંગે સફળ ઉદ્યોગ સાહસિક કાનજીભાઈ વિરાણી (૪૦ સિરામિક શો-રૂમ) અને પીયુષભાઈ શિંગાળા (૭૫ સિમેન્ટ પ્રોકાસ્ટ ફેક્ટરી) નું અભિવાદન કરવામાં આવ્યું હતું. જે.ડી. કોમર્સ કોલેજ અને આત્માનંદ સરસ્વતી મેનેજમેન્ટ કોલેજના BBA ના વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વેપારી દ્રષ્ટિકોણના પાઠ શીખ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન હાર્દિક ચાંચડ અને અંકિત સુરાણીએ કર્યું હતું.

# કોડીનાર-વડનગર બિસ્માર રોડ મામલે ગ્રામજનોએ મામલતદારને આવેદન આપી રસ્તા રોકોની ચીમકી ઉચ્ચારી

કોડીનાર,તા.૧૮

છેલ્લા ઘણા સમયથી કોડીનારથી વડનગર ગામ તરફ જતો રસ્તો જે ૮ થી ૯ ગામને જોડે છે, તે હાલ રફ રસ્તા જેવી બિસ્માર હાલતમાં છે. છેલ્લા ચાર વર્ષથી આ રસ્તાની સ્થિતિ એટલી ખરાબ છે કે નાના વાહનો ચાલી શકે તેમ નથી. મોટા વાહનોની અવરજવરથી ઉડતી ધૂળની ડમરીઓના કારણે આજુબાજુના રહેણાંક



વિસ્તારના લોકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. ગામના બંને છેવાડે શાળાઓ આવેલી હોવાથી વિદ્યાર્થીઓને ચાલીને જવામાં ખૂબ મુશ્કેલી પડે છે. વડનગર ગામના લોકોએ અનેક વખત સરકારી તંત્ર અને ગ્રામ પંચાયતને લેખિત તથા મૌખિક રજૂઆતો કરી છે, તેમ છતાં હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

ગ્રામજનોએ આવેદન પત્રમાં જણાવ્યું છે કે, સરકારી તંત્ર દ્વારા જો આ રસ્તાનું યોગ્ય નિરાકરણ કરવામાં નહીં આવે તો આજથી ૧૫ દિવસ પછી વડનગરના ગ્રામજનો સામૂહિક રસ્તા રોકો આંદોલન કરશે. તંત્ર તાત્કાલિક ધોરણે આ બાબતે ગંભીરતા લઈ આગળની કાર્યવાહી કરે તેવી ગ્રામજનોની માંગણી છે.

# પી.પી.સવાણી ગ્રુપ આયોજિત ૧૩૩ દીકરીઓના લગ્ન પ્રસંગનો પ્રારંભ

અમરેલી, તા.૧૮

પી.પી. સવાણી પરિવાર આયોજિત “કોયલડી” લગ્ન સમારોહ પિતા વિહોણી દીકરીઓ માટે અનેરો ઉત્સવ છે. ૧૩૩ પિતા વિહોણી દીકરીઓના પાલક પિતા તરીકે મહેશભાઈ સવાણીએ રંગેચંગે ઉત્સવના આયોજનનો શુભારંભ આજે અનોખા મહેંદી સમારોહ સાથે કર્યો છે. આજના આ ખાસ પ્રસંગે પન્નાબેન મોમાયા (IPS), જુલીબેન કોઠીયા (GPS), ભક્તિબેન ડાભી (GPS), સંધ્યા સિંહ ગેહલોત, ચિત્રા પ્રેમવીરસિંહ, હર્ષાબેન ગઢીયા, તૃપ્તિબેન દેસાઈ, પલ્લવીબેન




ઘેલાણી, હંસાબેન પટેલ, કાજલબેન સભાડીયા, ભૂમિબેન દેસાઈ અને સવાણી પરિવારની બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રણેતા મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, સુરત શહેરની અધિકારી બહેનો મહિલા તરીકે સુરતને સારી રીતે સાચવે છે, હું આ સૌ મહિલા આગેવાનોના પ્રદાનને બિરદાવું છું. સાસુમાની વ્યાખ્યા કરતાં એમણે જણાવ્યું હતું કે સારું સૂચન કરનારી માઁ એટલે સાસુમા. પપ્પા વગરની દીકરીઓને સાચા પપ્પાની ઓળખ મળી છે સાથે જ તમારી દરેક ઈચ્છાઓની પૂર્તિ કરતા મને જીવનની નવી દિશા આપી છે.

સુરતના પોલીસ કમિશનર અનુપસિંહ ગેહલોતનાં પત્ની સંધ્યાબેને જણાવ્યું હતું કે, લગ્ન પછી પણ પિતા તરીકેની ફરજ નિભાવે એ મહેશભાઈ સવાણી દ્વારા થતું આ સત્કાર્ય છે. મહેંદી રસમ એટલે લગ્નને જીવનના અંત સુધી નિભાવવાની રસમ છે. રેન્જ આઈજી પ્રેમવીરસિંહના ધર્મપત્ની ચિત્રાબેને તમામ દીકરીઓને લગ્નની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, લગ્ન પછી ચાર સિમ્બોલ યાદ રાખજો, ‘જોયા કરો, જતું

**મહાનુભાવોએ પણ દીકરીઓને આશીર્વાદ રૂપ મહેંદી મૂકી**

કરો, જાતે કરો અને ઝૂકી જાવ.’ આ બાબતોનો અમલ એ લગ્નજીવનમાં સુખી થવા માટે ઉત્તમ મંત્ર છે. શનિવાર તા.૨૦મીએ પ્રથમ અને રવિવાર ૨૧ ડિસેમ્બરે બીજા એમ બે દિવસમાં ૧૩૩ દીકરીઓના લગ્ન થશે. બે દિવસ ચાલનારા લગ્નોત્સવમાં અનેક રૂઢિઓ અને માન્યતાઓને દૂર કરી સામાજિક ચેતનાના અનેક સંદેશ સમાજને આપવામાં આવશે.

# ઉનાના અહેમદપુર માંડવી બીચ પર ડોલ્ફિન જોવા મળતા પ્રવાસીઓમાં ઉત્સાહ

ઉના,તા.૧૮

ઉના તાલુકામાં આવેલો પ્રખ્યાત અહેમદપુર માંડવી બીચ હાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. શિયાળાની ગુલાબી ઠંડીની શરૂઆત સાથે જ અહીં અરબી સમુદ્રમાં ‘હમ્પબેક’ પ્રજાતિની ડોલ્ફિન માછલીઓનું આગમન થયું છે. આ બીચ ‘ડોલ્ફિન બીચ‘ અને ‘ફેમિલી બીચ‘ તરીકે પણ લોકપ્રિય છે. દરિયાકિનારે હાલ મોટી સંખ્યામાં ‘હમ્પબેક’ ડોલ્ફિન જોવા



મળી રહી છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. ગુજરાતના ૧૬૦૦ કિમીમાં ફેલાયેલા દરિયામાં ડોલ્ફિન પ્રજનન અને બચ્ચાના ઉછેર માટે આવે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, શિયાળાની ઋતુ ડોલ્ફિન માટે પ્રજનન અને બચ્ચાઓના ઉછેર માટેનો શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન ડોલ્ફિન લાંબો દરિયાઈ રૂટ પાર કરીને શાંત અને સુરક્ષિત કિનારાની શોધમાં આવે છે. ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો ડોલ્ફિન માટે અનુકૂળ આશ્રયસ્થાન છે, જેમાં અહેમદપુર માંડવી અને નવાબંદર વચ્ચેનો વિસ્તાર તેમનું મનપસંદ સ્થળ બન્યું છે.

# ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ મોરબી ખાતે પીજીવીસીએલ તથા જેટકોના પ્રશ્નો બાબતે બેઠક યોજી

મોરબી, તા.૧૮

ગુજરાતના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ મોરબી જિલ્લા કલેકટર કચેરી ખાતે પીજીવીસીએલ, જેટકો તથા ગુજરાત ગેસના વિવિધ પ્રશ્નો




બાબતે ધારાસભ્યો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખો તથા જિલ્લાના વિવિધ ઔદ્યોગિક એસોસિએશન સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં શ્રમ, રોજગાર તથા કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા અને મોરબી પ્રભારી તથા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગા પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મંત્રીએ વિવિધ પ્રશ્નો બાબત પીજીવીસીએલ, જેટકો તથા ગુજરાત ગેસના અધિકારીઓને તાત્કાલિક પગલાં લેવા સૂચના આપી હતી.

# એમ્બરગ્રીસના જથ્થા સાથે જેસરના ૪ શખ્સોને ઝડપી પાડતી ગીરગઢડા પોલીસ

ઉના,તા.૧૮

ગીરગઢડા નજીક દ્રોણ ગામ પાસે જેસરના ૪ શખ્સો ફોરચ્યુનર કાર લઈને નીકળતા ગીરગઢડા પોલીસે ગત ૧૬ ડિસેમ્બરનાં રોકાવી તલાસી લેતાં છરી તેમજ શંકાસ્પદ વ્હેલ એમ્બરગ્રીસ નામનો પદાર્થ મળી આવતા અટકાયત કરી પુછપરછ કરી હતી. તેમજ



ગેરકાનૂની હથિયાર રાખવાના અંગે ગુનો નોધી કોર્ટમા રજૂ કરાયા બાદ વ્હેલ ઊલ્ટી એમ્બરગ્રીસ અંગેની તપાસ બાબતે ફોરેસ્ટ વિભાગને સોંપ્યા હતા. પુછપરછ દરમિયાન ઝડપાયેલા શખ્સોએ આ પદાર્થ વ્હેલ એમ્બરગ્રીસ હોવાની કબુલાત કરતા તાત્કાલિક એફએસએલની મદદ લઈ તપાસ હાથ ધરી હતી. ગીરગઢડા પોલીસે જેસરના બાઉભાઈ સંગ્રામભાઈ ઝાપડા, ચાંપરાજભાઈ નજુભાઈ ખુમાણ, અબુ તલહા હારૂનભાઈ ડરૈયા, કમુ ભીખાભાઈ રાઠોડને ફોરચ્યુનર ગાડી સાથે પકડી પાડતા તેની પાસે વ્હેલ માછલીની ઉલ્ટીનો પદાર્થ એમ્બરગ્રીસ ૧૯ ગ્રામ ૨૦૦ મીમી સ્ટીલ ડબીમાં મળી આવતા ફોરેસ્ટ વિભાગને સોંપ્યા હતા.

# ભાવનગર-વેરાવળ બસના ચેકિંગ દરમિયાન વિદેશી દારૂ ઝડપાયો

કોડીનાર,તા.૧૮

ભાવનગર—વેરાવળ રૂટ પર દોડતી GJ-૧૮ ZT ૦૪૩૯ નંબરની એક્સપ્રેસ એસ.ટી. બસમાં ચેકિંગ દરમિયાન એક



થેલો મળી આવ્યો હતો. તપાસ કરતાં થેલામાં વિદેશી દારૂનો જથ્થો હોવાનું બહાર આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ થેલો બિનવારસી હોવાનું જાણવા મળ્યું છે. GSRTCની લાઈન ચેકિંગ ટીમે સમગ્ર મામલાની જાણ તાત્કાલિક સ્થાનિક પોલીસને કરી હતી. બાદમાં ઝડપાયેલ વિદેશી દારૂનો જથ્થો વધુ તપાસ અર્થે પ્રભાસ પાટણ પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. આ વિદેશી દારૂના તાર ઉના ડેપો સાથે પણ જોડવામાં આવી રહ્યા છે.

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૯૫/૨૦૨૫

અરજદાર : શ્રી સોલંકી માધાભાઈ લાખાભાઈ
સરનામુ : મું.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી સોલંકી માધાભાઈ લાખાભાઈ** એ તેમના **નાનાભાઈ નામે શ્રી સોલંકી માલાભાઈ લાખાભાઈ નું મરણ** તા.૦૧/૦૭/૨૦૦૭ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૫/૨૦૨૫

અરજદાર : શ્રી અનિલભાઈ કાળુભાઈ બાંભણીયા
સરનામુ : મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી અનિલભાઈ કાળુભાઈ બાંભણીયા** એ તેમના **ભાઈ નામે શ્રી ભરતભાઈ કાળુભાઈ બાંભણીયા નો મરણ** તા.૧૬/૦૮/૨૦૨૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૨૫/૨૦૨૫

અરજદાર : શ્રી સાંખટ મંગુબેન ભગવાનભાઈ
સરનામુ : મું.મીતીયાળા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મીતીયાળા
મું.મીતીયાળા તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીતીયાળા** ગામના **શ્રી સાંખટ મંગુબેન ભગવાનભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી સાંખટ સંગીતાબેન ભગવાનભાઈ નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૮૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૪/૨૦૨૫

અરજદાર : શ્રી ઓઘડભાઈ ભીખાભાઈ સોલંકી
સરનામુ : મું.વાંઢ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વાંઢ
મું.વાંઢ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વાંઢ** ગામના **શ્રી ઓઘડભાઈ ભીખાભાઈ સોલંકી** એ તેમના **પુત્ર નામે શ્રી રાજુભાઈ ઓઘડભાઈ સોલંકી નું જન્મ** તા.૦૧/૦૬/૧૯૮૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૦/૨૦૨૫

અરજદાર : શ્રી કતુભાઈ આપાભાઈ વરૂ
સરનામુ : મું.મીઠાપુર તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મીઠાપુર
મું.મીઠાપુર તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીઠાપુર** ગામના **શ્રી કતુભાઈ આપાભાઈ વરૂ** એ તેમના **માતા નામે શ્રી સોમબાઈબેન આપાભાઈ વરૂ નું મરણ** તા.૦૧/૦૩/૨૦૧૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૧૬/૨૦૨૫

અરજદાર : શ્રી સોમાતભાઈ ઉકાભાઈ સાંખટ
સરનામુ : મું.હેમાળ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - હેમાળ
મું.હેમાળ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના હેમાળ** ગામના **શ્રી સોમાતભાઈ ઉકાભાઈ સાંખટ** એ તેમના **પુત્ર નામે શ્રી મહેશભાઈ સોમાતભાઈ સાંખટ નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૧૪/૨૦૨૫

અરજદાર : શ્રી બાંભણીયા નીમુબેન બાબુભાઈ
સરનામુ : મું.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી બાંભણીયા નીમુબેન બાબુભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી પાનબાઈ બાબુભાઈ બાંભણીયા નો જન્મ** તા.૧૯/૦૯/૧૯૮૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# ૨૬ જાન્યુઆરી પહેલા આતંકવાદીઓના મોટા હુમલાની તૈયારીના ઈનપુટથી સુરક્ષા એજન્સી સતર્ક

જમ્મુ,તા.૧૮

ઉધમપુર અને કિશ્તવાડના ગાઢ જંગલોમાં લાંબા સમયથી છુપાયેલા આતંકવાદીઓ ૨૬ જાન્યુઆરી પહેલા મોટા આતંકવાદી હુમલાની યોજના બનાવી રહ્યા છે. આ ઈનપુટને પગલે, સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય સરહદથી ઉધમપુર, સાંબા અને કઠુઆ જિલ્લાઓ સુધી સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. ગાઢ જંગલોમાં લાંબા સમયથી સક્રિય રહેલા આતંકવાદીઓ હવે મેદાનો તરફ આગળ વધી રહ્યા છે. ઉધમપુરના મજલ્ટામાં થયેલ એન્કાઉન્ટરથી સુરક્ષા દળોની સતર્કતા વધુ વધી ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જિલ્લાઓમાં આતંકવાદીઓના બે થી ત્રણ અલગ અલગ જૂથો સક્રિય છે. આ જૂથોમાં બે કે ત્રણ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. લાંબા સમયથી, આ આતંકવાદીઓ



ગાઢ જંગલોમાં કુદરતી ગુફાઓમાં બનેલા ઠેકાણાઓમાં છુપાયેલા હતા. પર્વતોમાં ઠંડી વધતાં, આ આતંકવાદીઓ હવે મેદાનો તરફ આગળ વધી રહ્યા છે. તેઓ બંદૂકની અણીએ લોકો પાસેથી ખોરાક માંગતા જોવા મળે છે. એક આતંકવાદીએ મજલ્ટામાં પણ લોકો પાસેથી ખોરાક માંગ્યો હતો. પરગલમાં આંતરરાષ્ટ્રીય સરહદ પાર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવો અને જૈશ આતંકવાદીની ધરપકડ, ઉધમપુરના મજલ્ટામાં થયેલ એન્કાઉન્ટર અને સાંબાના માનસરમાં એક શંકાસ્પદ વ્યક્તિને જોવાથી સુરક્ષા એજન્સીઓની સતર્કતા વધુ વધી ગઈ છે.

# ઓમાનમાં ભારતીય સમુદાયને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, 'ભારત સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે'

નવીદિલ્હી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓમાન મુલાકાત દરમિયાન ઓમાનમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા ''ભારત માતા કી જય,'' ''વંદે માતરમ,'' અને ''મોદી, મોદી'' ના નારા વચ્ચે પોતાનું ભાષણ શરૂ કર્યું હતું. ઓમાનમાં ભારતીય સમુદાયને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ''હું મારી સામે એક નાનું ભારત જોઉં છું.'' પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, ''ઓમાનમાં રહેતા ભારતીયો વારંવાર ભારતની મુલાકાત લે છે. તમે ભારતના દરેક વિકાસ વિશે અપડેટ રહો છો. તમે બધા જોઈ રહ્યા છો કે આજે આપણું ભારત પ્રગતિની નવી ગતિએ કેવી રીતે આગળ વધી રહ્યું છે. ભારતની ગતિ આપણા ઈરાદાઓમાં દેખાય છે, તે આપણા પ્રદર્શનમાં દેખાય છે. થોડા દિવસો પહેલા જ, આર્થિક વિકાસના આંકડા આવ્યા છે અને



તમે જાણતા હશો કે ભારતનો વિકાસ દર ૮% થી વધુ રહ્યો છે, જેનો અર્થ એ છે કે ભારત સતત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા રહી છે અને આ ત્યારે બન્યું છે જ્યારે સમગ્ર વિશ્વ પડકારોથી ઘેરાયેલું છે.'' 'ભારતનો અવકાશ કાર્યક્રમ પોતાના પૂરતો મર્યાદિત નથી' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું, ''ભારતનો અવકાશ કાર્યક્રમ પોતાના પૂરતો મર્યાદિત નથી. અમે ઓમાનની અવકાશ આકાંક્ષાઓને પણ ટેકો આપી રહ્યા છીએ. ૬-૭ વર્ષ પહેલાં, અમે અવકાશ સહયોગ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# હિજાબ ખેંચવાના મુદ્દે નિતીશકુમાર સામે ઝારખંડમાં ઉગ્ર વિરોધપ્રદર્શન

રાંચી,તા.૧૮

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા મુસ્લિમ મહિલા આયુષ ડોક્ટરનો હિજાબ ખેંચી લેવાની ઘટના પર ઝારખંડમાં વિરોધ પ્રદર્શન જોવા મળ્યા. આ ઘટનાના વિરોધમાં, રાંચી જિલ્લાના મંડાર બ્લોકમાં મુસ્લિમ સમુદાયના સભ્યોએ જોરદાર પ્રદર્શન કર્યું.

અહેવાલો અનુસાર મંડાર બ્લોકના મંડાર ચોક ખાતે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. વિરોધીઓએ મુખ્યમંત્રી નીતિશ કુમારનું પુતળું બાળ્યું હતું અને ઘટના સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રદર્શનો કરનારાઓનો આરોપ છે કે ૧૫ ડિસેમ્બરે પટણામાં આયોજિત એક સરકારી કાર્યક્રમ દરમિયાન, મુખ્યમંત્રીએ સ્ટેજ પર હાજર એક મુસ્લિમ મહિલા આયુષ ડૉક્ટરના ચહેરા પરથી હિજાબ ખેંચી લીધો હતો. તેમનો આરોપ છે કે આનાથી મહિલાની ગરિમા, ધાર્મિક માન્યતાઓ અને લાગણીઓનું અપમાન થયું છે.

# ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના વ્યક્તિગત પત્રો અને દસ્તાવેજોને લઈને કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે ઝઘડો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૮

ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના વ્યક્તિગત પત્રો અને દસ્તાવેજોને લઈને કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે રાજકીય ઝઘડો વધુ તીવ્ર બન્યો છે. સંસ્કૃતિ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે નેહરુના પત્રો ''ગુમ'' નથી, પરંતુ સોનિયા ગાંધી પાસે સુરક્ષિત છે. સરકારે હવે આ દસ્તાવેજોને ''રાષ્ટ્રીય વારસો'' ગણાવીને તેમને પરત કરવાની માંગ કરી છે.

ભાજપના સાંસદ સંબિત પાત્રાએ સંસદમાં પૂછ્યું કે શું નેહરુના પત્રો વડાપ્રધાન સંગ્રહાલય અને પુસ્તકાલયમાંથી ગુમ થયા છે. તેના જવાબમાં, કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે લેખિતમાં જણાવ્યું હતું કે, ''દેશના પ્રથમ વડાપ્રધાન સાથે સંબંધિત કોઈ દસ્તાવેજો પીએમએમએલમાંથી ગુમ થયા નથી.'' આ જવાબ બાદ,



કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું અને માફીની માંગ કરી, એમ કહીને કે સરકારે અગાઉ ગુમ થવાની અફવાઓ ફેલાવી હતી. વિરોધના હુમલાઓ વચ્ચે, સંસ્કૃતિ મંત્રાલયે સોશિયલ મીડિયા પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સ દ્વારા પરિસ્થિતિ સ્પષ્ટ કરી. મંત્રાલય અનુસાર, આ સોનિયા ગાંધીની ઈચ્છા પર હતું. ૨૯ એપ્રિલ, ૨૦૦૮ ના રોજ, સોનિયા ગાંધીના પ્રતિનિધિ, એમ.વી. રાજને નહેરુના અંગત કૌટુંબિક પત્રો અને નોંધો પરત કરવાની ઈચ્છા વ્યક્ત કરતો પત્ર લખ્યો હતો.

# મહારાષ્ટ્રના કલંકિત મંત્રી માણિકરાવ કોકાટે પાસેથી ખાતાઓ આંચકી લેવામાં આવ્યા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૮

મહારાષ્ટ્રના કલંકિત મંત્રી માણિકરાવ કોકાટે પાસેથી આખરે ખાતા છીનવી લેવામાં આવ્યા છે. એ નોંધવું જોઈએ કે તેમણે રમતગમત અને યુવા કલ્યાણ, લઘુમતી વિકાસ અને ઓકાફ જેવા વિભાગો સંભાળ્યા હતા. માણિકરાવ કોકાટેના વિભાગો હવે નાયબ મુખ્યમંત્રી અજિત પવારને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. માણિકરાવ કોકાટે મહાયુતિ સરકારમાં મંત્રી હતા અને નાસિક જિલ્લા અદાલત દ્વારા તેમને એક કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. માણિકરાવ કોકાટે પર ખોટા દસ્તાવેજો રજૂ કરીને આર્થિક રીતે નબળા વર્ગો માટે બનાવેલા મકાનો પર કબજો કરવાનો આરોપ હતો. ભૂતપૂર્વ મંત્રી તુકારામ દિઘોલે ૧૯૯૫ માં આ કેસમાં અરજી દાખલ કરી હતી. લાંબી કાનૂની પ્રક્રિયા પછી, નાસિક જિલ્લા અદાલતે હવે તેમને દોષિત ઠેરવ્યા છે. અહેવાલો અનુસાર, નાસિક કોર્ટે મહારાષ્ટ્રના મંત્રી માણિકરાવ કોકાટે સામે ધરપકડ વોરંટ પણ જારી કર્યું છે.

# રખડતા કૂતરા સંબંધિત કેસમાં દાખલ કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટનું કડક વલણ

નવીદિલ્હી, તા.૧૮

રખડતા કૂતરા સંબંધિત કેસમાં દાખલ કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ગુરુવારે કડક વલણ અપનાવ્યું. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા કેટલાક નિયમોને ''અમાનવીય'' ગણાવતા વાંધાઓનો જવાબ આપતા કોર્ટે કહ્યું કે આગામી સુનાવણીમાં, એક વીડિયો ચલાવવામાં આવશે અને ''માનવતા ખરેખર શું છે'' પ્રશ્ન રજૂ કરવામાં આવશે.

કેસનું પ્રતિનિધિત્વ કરી રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બનેલી બેન્ચને માહિતી આપી હતી કે ગુરુવારે આ મામલાની સુનાવણી માટે નિર્ધારિત ત્રણ ન્યાયાધીશોની વિશેષ બેન્ચ રદ કરવામાં આવી



છે. ન્યાયાધીશ નાથે સ્પષ્ટતા કરી હતી કે આ મામલો હવે ૭ જાન્યુઆરીએ સૂચિબદ્ધ કરવામાં આવશે. એડવોકેટ સિબ્બલે કહ્યું કે સમસ્યા એ છે કે આ દરમિયાન, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશને કેટલાક નિયમો ઘડ્યા છે જે કાયદાની વિરુદ્ધ છે. જ્યારે બેન્ચે કહ્યું કે તે ૭ જાન્યુઆરીએ આ મામલા પર વિચાર કરશે, ત્યારે સિબ્બલે કહ્યું કે અધિકારીઓ ડિસેમ્બરમાં જ નિયમો લાગુ કરશે. તેમણે દલીલ કરી હતી કે તેઓ તેનો અમલ કરશે અને કૂતરાઓને દૂર કરશે.

# દિલ્હી-એનસીઆરમાં ભારે ધુમ્મસના કારણે અનેક ફ્લાઈટ અને ટ્રેનોને અસર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૮

દેશનું હૃદય દિલ્હી, પ્રદૂષણને કારણે વેન્ટિલેટર પર આધાર રાખવાની ફરજ પડી છે. રાજધાનીમાં પ્રદૂષણનું સ્તર હજુ પણ ઊંચું છે, મોટાભાગના વિસ્તારોમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. વધતા પ્રદૂષણના પ્રતિભાવમાં દિલ્હીમાં જીઆરએપી-૪ પહેલાથી જ લાગુ કરવામાં આવ્યો છે, અને



હવે, આજથી, વધુ કડક પગલાં પણ લાગુ કરવામાં આવી રહ્યા છે. ઓછી દૃશ્યતાને કારણે છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફ્લાઈટ કામગીરી ખોરવાઈ ગઈ છે, જેના કારણે વિવિધ એરલાઈન્સને ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી છે. આજે, એનસીઆરમાં નબળી દૃશ્યતાને કારણે મોટી સંખ્યામાં ટ્રેનોની ગતિ પણ ઓછી કરવામાં આવી છે. ઓછી દૃશ્યતાને કારણે ૨૨ થી વધુ ટ્રેનો સમયપત્રકથી ઘણા કલાકો મોડી ચાલી રહી છે.

# ભારતીય રેલવેએ બ્રોડગેજ નેટવર્કના ૯૯.૨ ટકા ભાગને ઈલેક્ટ્રિક પાવરમાં રૂપાંતરિત કર્યો

નવીદિલ્હી,તા.૧૮

દેશની જીવનરેખા તરીકે ઓળખાતી ભારતીય રેલવેએ એક એવો રેકોર્ડ બનાવ્યો છે જેણે વિશ્વની મુખ્ય રેલ શક્તિઓને પણ પાછળ છોડી દીધી છે. ભારતીય રેલવેએ તેના બ્રોડગેજ નેટવર્કના ૯૯.૨ ટકા ભાગને ઈલેક્ટ્રિક પાવરમાં રૂપાંતરિત કર્યો છે. આનો અર્થ એ થયો કે મોટાભાગની ટ્રેનો હવે



ડીઝલને બદલે વીજળીથી ચાલશે. આ માત્ર એક મોટી ટેકનોલોજીકલ સફળતા નથી, પરંતુ તે પર્યાવરણને પણ નોંધપાત્ર રીતે ફાયદો કરશે અને ઈંધણ બચાવશે. સૌથી અગત્યનું, ભારત હવે આ સંદર્ભમાં બ્રિટન, રશિયા અને ચીન જેવા મુખ્ય દેશોને પાછળ છોડી ચૂક્યું છે. જ્યારે આ દેશોના રેલવે નેટવર્કનો મોટો ભાગ હજુ પણ સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક નથી, ભારત લગભગ ૧૦૦ ટકા ઈલેક્ટ્રિક પાવર પ્રાપ્ત કરવાના લક્ષ્યને પ્રાપ્ત કરવાની ખૂબ નજીક છે.

# બીએસએફએ ભારત - બાંગ્લાદેશ સરહદ પર ૩૧૬ ગ્રામ કોકેન જપ્ત કર્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૮

ભારત-બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સરહદ પર તૈનાત બોર્ડર સિક્યુરિટી ફોર્સની ૧૪૯મી બટાલિયનના સતર્ક સૈનિકોએ ગુપ્ત માહિતીના આધારે સફળ કાર્યવાહી હાથ ધરી અને નાર્કોટિક ડ્રગ કોકેન જપ્ત કર્યું. સર્ચ ઓપરેશન દરમિયાન, સૈનિકોએ ૩૧૬ ગ્રામ કોકેન જપ્ત કર્યું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજે કિંમત ૧.૫ કરોડ છે. બીએસએફએ ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરીને આ સફળતા મેળવી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સરહદ સુરક્ષા દળ (બીએસએફ) ની ૧૪૯મી બટાલિયનની બોર્ડર આઉટપોસ્ટ લવંગોલાના સૈનિકોએ ચાર બિનપરા ગામમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તેમને માહિતી મળી હતી કે એક શંકાસ્પદ વ્યક્તિના ઘરમાં માદક દ્રવ્ય છુપાવેલું છે.

# નેશનલ હેરાલ્ડ કેસ : સોનિયા અને રાહુલ ગાંધી વિરૂધ્ધ ઈડીએ દાખલ કરેલી ફરિયાદ કોર્ટે ફગાવી

ન્યુ દિલ્હી,તા.૧૮

નેશનલ હેરાલ્ડ કેસમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, સાંસદ સોનિયા ગાંધીને કોર્ટ તરફથી મોટી રાહત મળી છે. આ મામલામાં તપાસ કરી રહેલી કેન્દ્રીય એજન્સી ઈડીએ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સામે જે ચાર્જશીટ દાખલ કરી હતી તેને દિલ્હીની કોર્ટે ફગાવી દીધી છે અને



તેની નોંધ લેવાની ના પાડી દીધી છે. એટલુ જ નહીં આ સાથે જ ઈડીએ નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સામે જે મની લોન્ડરિંગની ફરિયાદ દાખલ કરી હતી તેને પણ ફગાવી દીધી છે. કોર્ટના આ નિર્ણય બાદ હવે કોંગ્રેસના નેતા પવન ખેરાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને દાવો કર્યો હતો કે રાહુલ ગાંધીનું મનોબળ તોડવા માટે આ આખો જુઠો કેસ તૈયાર કરાયો હતો, જેનું કાવતરુ ગેંગ્સ ઓફ ગાંધીનગર દ્વારા ઘડાયું હતું.

# ટ્રમ્પે તાઈવાનને ૧૦ બિલિયનથી વધુના મોટા શસ્ત્ર વેચાણ પેકેજની જાહેરાત કરી

વોશિંગ્ટન,તા.૧૮

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે તાઈવાન અંગે એક મોટો નિર્ણય લીધો છે, જે ચીનને મોટો ફટકો આપે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે તાઈવાનને $૧૦ બિલિયનથી વધુના મોટા શસ્ત્ર વેચાણ પેકેજની જાહેરાત કરી છે. શસ્ત્રોના પેકેજમાં મધ્યમ અંતરની મિસાઈલો, હોવિત્ઝર અને ડ્રોનનો સમાવેશ થાય છે. અમેરિકાના આ પગલાથી હવે ચીન ગુસ્સે થવાની ધારણા છે.

અમેરિકાના વિદેશ વિભાગે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રીય ટેલિવિઝન સંબોધન દરમિયાન શસ્ત્રોના વેચાણની જાહેરાત કરી. વિદેશ વિભાગે જણાવ્યું હતું કે આ વેચાણ અમેરિકાના રાષ્ટ્રીય, આર્થિક અને સુરક્ષા હિતોને પૂર્ણ કરે છે. પોતાના નિવેદનમાં, વિદેશ વિભાગે કહ્યું હતું કે શસ્ત્રોના વેચાણથી તાઈવાનની સુરક્ષામાં સુધારો થશે. આ કરાર રાજકીય સ્થિરતા, લશ્કરી સંતુલન અને ક્ષેત્રમાં આર્થિક



પ્રગતિ જાળવવામાં મદદ કરશે.

ફેડરલ કાયદા હેઠળ, અમેરિકા તાઈવાનને તેના સ્વ-બચાવમાં મદદ કરવા માટે બંધાયેલું છે, એક મુદ્દો જે ચીન સાથે વધુને વધુ વિવાદાસ્પદ બની રહ્યો છે, જેણે જરૂર પડ્યે બળજબરીથી તાઈવાનને કબજે કરવાની પ્રતિજ્ઞા લીધી છે. ચીન વારંવાર તાઈવાન નજીક મોટા પાયે લશ્કરી કવાયતો કરે છે.

શસ્ત્રોના વેચાણ કરારમાં ૮૨ હાઈ-મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમ્સ, અથવા એચઆઈએમએઆરએસ, અને ૪૨૦ આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ્સ, અથવા એચઆઈએમએઆરએસનો સમાવેશ થાય છે.

# યુદ્ધગ્રસ્ત સુદાનમાં તબીબી સુવિધાઓ અને આરોગ્ય કેન્દ્રો પર હુમલો : ૧,૬૦૦થી વધુ લોકોના થયા મોત

કૈરો,તા.૧૮

સુદાનમાં વિવિધ આરોગ્ય કેન્દ્રો પર હુમલામાં ૧,૬૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. સંયુક્ત રાષ્ટ્રની આરોગ્ય એજન્સીના વડાએ બુધવારે આ આંકડો જાહેર કર્યો. તેમણે કહ્યું કે આ વર્ષે યુદ્ધગ્રસ્ત સુદાનમાં તબીબી સુવિધાઓ અને આરોગ્ય કેન્દ્રો પર હુમલામાં ૧,૬૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. આફ્રિકન દેશમાં થયેલા વિનાશક સંઘર્ષમાં આ નવીનતમ ભયાનક આંકડો છે. વિશ્વ આરોગ્ય સંગઠનના વડા ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયેસસે જણાવ્યું હતું કે એજન્સીએ જાન્યુઆરીથી આરોગ્ય સુવિધાઓ પર ૬૫ હુમલાઓનું દસ્તાવેજીકરણ કર્યું છે.

ડબ્લ્યુએચઓએ જણાવ્યું હતું કે આ હુમલાઓમાં ૨૭૬ લોકો ઘાયલ થયા હતા. સૌથી તાજેતરનો હુમલો દક્ષિણ કોર્ડોફાન પ્રાંતની રાજધાની ડિલિંગમાં એક લશ્કરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો હતો, જે તાજેતરના મહિનાઓમાં સુદાનની સેના અને અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ વચ્ચે લડાઈનું કેન્દ્ર બની ગયું છે. ઘેબ્રેયસસે



કહ્યું કે આ હુમલામાં નવ લોકો માર્યા ગયા અને ૧૭ ઘાયલ થયા. ''દરેક હુમલો વધુ લોકોને આરોગ્ય સેવાઓ અને દવાઓથી વંચિત રાખે છે,'' તેમણે X પર એક પોસ્ટમાં લખ્યું.

''સુદાન ડોક્ટર્સ નેટવર્કે ડિલિંગમાં લશ્કરી હોસ્પિટલ પર ડ્રોન હુમલા માટે આરએસએફને દોષી ઠેરવ્યો. યુએન હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ વોલ્કર ટર્કના જણાવ્યા અનુસાર, ૪ ડિસેમ્બરથી કોર્ડોફાન ક્ષેત્રમાં હુમલાઓમાં ઓછામાં ઓછા ૧૦૪ લોકો માર્યા ગયા છે, જેમાં ડિલિંગમાં થયેલા જાનહાનિનો પણ સમાવેશ થાય છે. આરોગ્ય સુવિધાઓ પરના હુમલાઓમાં ઓક્ટોબરમાં ડાર્ફુરના અલ-ફાશેર શહેરમાં સાઉદી હોસ્પિટલ પર આરએસએફનો હુમલો પણ શામેલ છે.

# અમરેલીમાં ૧૨.૬ ડિગ્રી સાથે સમગ્ર રાજ્યમાં હાડ થીજાવતી ઠંડી, હજુ વધે તેવું અનુમાન

અમદાવાદ,તા.૧૮



ગુજરાતમાં ઠંડીનો પ્રકોપ યથાવત છે. હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં અમદાવાદ અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૫ થી ૧૬ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. તાપમાનમાં આ વધારાથી સવાર અને મોડી રાત્રે અનુભવાતી ઠંડીથી થોડી રાહત મળશે. નોંધનીય છે કે સામાન્ય રીતે ડિસેમ્બરની મધ્યમાં તીવ્ર ઠંડી જોવા મળે છે, પરંતુ આ વાતાવરણીય સિસ્ટમને કારણે લોકોને થોડા દિવસો માટે ઠંડીથી થોડી રાહત મળી શકે છે. હવામાનશાસ્ત્રીઓ આ ફેરફાર પછી નવી શીત લહેર આવશે કે કેમ તેનું નિરીક્ષણ કરી રહ્યા છે. કંડલામાં ૧૧ ડિગ્રી, વડોદરામાં ૧૨.૨ ડિગ્રી, અમદાવાદમાં ૧૪.૭ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૩.૫ ડિગ્રી, ડીસામાં ૧૨.૪ ડિગ્રી, અમરેલીમાં ૧૨.૬ ડિગ્રી, ભુજમાં ૧૩.૮ ડિગ્રી, પોરબંદરમાં ૧૩.૯ ડિગ્રી, રાજકોટમાં ૧૪ ડિગ્રી, મહુવામાં ૧૪.૯ ડિગ્રી, ભાવનગરમાં ૧૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૫.૨ ડિગ્રી, કેશોદમાં ૧૬.૧ ડિગ્રી અને દમણમાં ૧૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સાત દિવસ સુધી હવામાનમાં કોઈ ખાસ ફેરફાર થશે નહીં.

# રાજકોટમાં પીએમ મોદી સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં હાજરી આપશે

રાજકોટ,તા.૧૮




રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે. આ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહેશે, ત્યારે તેને લઈને તમામ વિભાગો પૂરજોશમાં તૈયારીઓમાં લાગી ગયા છે. PGVCL સામે સૌથી મોટો પડકાર વીજ પુરવઠો ન ખોરવાય તે માટેનો છે. જે માટે એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ ડિપાર્ટમેન્ટના અધિક મુખ્ય સચિવ હૈદર તેમની ટીમ સાથે મારવાડી યુનિવર્સિટીની સ્થળ વિઝિટ કરી ચૂક્યા છે. આ સાથે જ આ સમિટમાં ઉર્જા વિભાગમાં ગ્રીન ઈકો સિસ્ટમ અને રિન્યુએબલ એનર્જી એટલે કે, સૂર્ય આધારિત ઝીરો કાર્બન મેથડથી પાવર જનરેટ અંગે લોકોને જાગૃત કરવામાં આવશે. સૌરાષ્ટ્ર-કચ્છ વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૬ રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાનાર છે. જેના માટે સમગ્ર માર્ગદર્શન પૂરું પાડવા માટે રાજ્યના અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર તેમની ટીમ સાથે અહીં આવ્યા હતા. જેમાં કાર્યક્રમ કઈ જગ્યાએ રહેશે? ઉદ્‌ઘાટન સમારોહ કઈ જગ્યાએ હશે? પાર્કિંગ ક્યાં થશે? કેટલા લોકો આવશે? એક્ઝિબિશન હોલ કઈ જગ્યાએ હશે? ડે બાય ડેની મૂવમેન્ટ અને ઉર્જા વિભાગને લગતા સેમિનારની જાણકારી મેળવી હતી.

# સુરત શહેરમાં નજીવી બાબતે મિત્રએ છરીના ઘા ઝીંકી મિત્રને પતાવી દીધો

સુરત,તા.૧૮

સુરત શહેરના રાંદેર વિસ્તારમાં મજૂરીકામ કરતા બે મિત્રો વચ્ચે સામાન્ય બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. નજીવી બાબતના ઉશ્કેરાટમાં એક મિત્રએ બીજા મિત્ર પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. રાંદેર પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં જ આરોપીની અટકાયત કરી લીધી છે. મળતી માહિતી મુજબ, સુરતના મોરાભાગલ વિસ્તારમાં રહેતો રાહુલ ગોર્સિંગ નામનો યુવક અને તેનો સાથી મિત્ર રાજા બંને છૂટક મજૂરીકામ કરતા હતા. કામ દરમિયાન કોઈ અગમ્ય કારણોસર બંને વચ્ચે સામાન્ય બોલાચાલી શરૂ થઈ હતી. જોકે, આ બોલાચાલી દરમિયાન ગાળો બોલવા જેવી નજીવી બાબતે રાજા ઉશ્કેરાઈ ગયો હતો. આવેશમાં આવીને તેણે રાહુલ પર ચપ્પુ વડે હુમલો કરી દીધો હતા. ઘટનાને પગલે લોહીલુહાણ હાલતમાં રાહુલ જમીન પર ઢળી પડ્યો હતો.

# સૌરાષ્ટ્રના પાંચ જિલ્લામાં આજથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની શરૂઆત

ગાંધીનગર,તા.૧૮

પોરબંદર જિલ્લામાં ૧૯ ડિસેમ્બરથી VGRC કાર્યક્રમોની શરૂઆત થશે. તાજાવાળા હોલ અને નટવર સિંહજી કલબ ગ્રાઉન્ડ ખાતે બ્લૂ બાયો-ઈકોનોમી માટેનો રોડમેપ, એગ્રી-ફૂડ પ્રોસેસિંગ કોન્ક્લેવ તેમજ મહિલા સશક્તિકરણ માટેનું 'સશક્ત નારી મેળા' અને વિશાળ પ્રદર્શન યોજાશે. કાર્યક્રમમાં પ્રભારીમંત્રી કુંવરજી બાવળીયા, કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયા, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને IAS અધિકારી આર.એન. ડોડીયા હાજર રહેશે. જામ-ખંભાળિયામાં ૧૯ ડિસેમ્બર બપોરે યોજાનારા કાર્યક્રમમાં પ્રભારીમંત્રી કુંવરજીભાઈ બાવળીયા ઉદ્યોગકારોને સંબોધન કરશે. ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપની હાજરીમાં સ્થાનિક ઉદ્યોગોને મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા થશે. બોટાદ ખાતે યોજાનારા કાર્યક્રમમાં પ્રભારીમંત્રી રીવાબા જાડેજા સાથે GIDCના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર પ્રવિણા ડી.કે. ઉદ્યોગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ તકો અંગે વિસ્તૃત માહિતી આપશે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલમાં યોજાનારા કાર્યક્રમમાં પ્રભારીમંત્રી દર્શનાબેન વાઘેલા ઉદ્‌બોધન કરશે, જ્યારે કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગના સેક્રેટરી આર્દ્રા અગ્રવાલ VGRC અંગે વિશેષ રજૂઆત કરશે. ભાવનગરના ઈસ્કોન ક્લબ એન્ડ રિસોર્ટમાં યોજાનારા VGRC કાર્યક્રમમાં પ્રભારીમંત્રી કૌશિક વેકરીયા તથા જીઓલોજી એન્ડ માઈનિંગ કમિશનર ડૉ. ધવલ પટેલ ઉદ્યોગકારોને રાજ્યની નીતિઓ અને ખનિજ ક્ષેત્રની તકો અંગે માર્ગદર્શન આપશે.

# આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-દ.આફ્રિકા વચ્ચે અંતિમ ટી-૨૦ રમાશે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૮

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ટી ૨૦ શ્રેણીની પાંચમી અને અંતિમ મેચ ૧૯ ડિસેમ્બરે અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. લખનૌમાં બંને ટીમો વચ્ચેની ત્રીજી મેચ ધુમ્મસને કારણે રદ કરવામાં આવી હતી. તેથી, ક્રિકેટ ચાહકો ઈચ્છશે કે પાંચમી મેચ અવિરત રહે. ટીમ ઈન્ડિયા પહેલાથી જ શ્રેણીમાં ૨-૧ થી આગળ છે. આવી સ્થિતિમાં, તેઓ છેલ્લી મેચ જીતીને શ્રેણી પર કબજો કરવા માંગશે. ભારતીય ટીમે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર કુલ સાત ટી ૨૦ મેચ રમી છે, જેમાં પાંચ જીતી છે અને બે હારી છે. ટીમ ઈન્ડિયા આ બંને મેચ ઈંગ્લેન્ડ સામે હારી છે, અને બંને વખત ઈંગ્લેન્ડે T20 મેચ ૮ વિકેટથી જીતી છે. ભારતે અમદાવાદના મેદાન પર દક્ષિણ આફ્રિકા સામે હજુ સુધી એક પણ ટી ૨૦ રમી નથી, અને આ બંને ટીમો વચ્ચેની પહેલી T20 હશે.

# અમદાવાદની હોટેલમાં કાકા-ભત્રીજીનો આપઘાતનો પ્રયાસ : કાકાનું મોત

અમદાવાદ,તા.૧૮



'અમદાવાદના એરપોર્ટ વિસ્તારમાં આવેલી 'ડેઈલી સ્ટે' હોટલમાં એક પ્રેમી યુગલે ૧૭ ડિસેમ્બરે હાથની નસો કાપીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેમાં યુવકનું કરુણ મોત નિપજ્યું છે જ્યારે યુવતીનો બચાવ થયો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, મૃતક યુવક અને યુવતી અમદાવાદના શેલા વિસ્તારના રહેવાસી હતા અને બંને વચ્ચે લાંબા સમયથી પ્રેમસંબંધ હતો. જોકે, બંને એક જ સમાજના અને નાતે કાકા-ભત્રીજી થતા હોવાથી સમાજમાં તેમના લગ્ન શક્ય નહોતા, જેનો રસ્તો ન દેખાતા બંનેએ ઘરેથી ભાગીને સાથે મરવાનું નક્કી કર્યું હતું. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી યુવતીના નિવેદનના આધારે આગળની કાર્યવાહી શરૂ કરી છે. એરપોર્ટ વિસ્તારમાં આવેલી ડેઈલી સ્ટે નામની હોટેલમાં યુવક અને યુવતી ઘરેથી ભાગીને રોકાવા આવ્યા હતા. ૧૭ ડિસેમ્બરે બપોરના સમયે યુવક અને યુવતીએ હાથમાં બ્લેડ મારીને સાથે મરી જવા આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર ઈજા થતા યુવકનું મોત થયું હતું જ્યારે યુવતી બેભાન થઈ ગઈ હતી.

# ગોવાથી અમદાવાદ આવતી ઈન્ડિગો ફ્લાઈટને બોમ્બથી ઉડાવવાની ધમકી

**ટીશ્યૂ પેપરમાં ધમકીભર્યું લખાણ મળતા ૧૪૦ પેસેન્જરના જીવ તાળવે ચોંટ્યા**

અમદાવાદ, તા.૧૮



ગોવાથી અમદાવાદ આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬E ૬૨૦૮ને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી હતી. ફ્લાઈટ અમદાવાદ પહોંચતા ફ્લાઈટમાંથી એક ટીશ્યુ પેપર મળી આવ્યું હતું. જેમાં આ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે તેવી ધમકી ભર્યું લખાણ લખ્યું હતું. આ અંગે એરલાઈન્સ દ્વારા એરપોર્ટ ઓથોરિટીને જાણ કરવામાં આવતા CISF અને બોમ્બ સ્ક્વોડ દ્વારા ફ્લાઈટમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. ગોવાથી અમદાવાદ આવતી આ ફ્લાઈટને ૭ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવી હતી. ગોવાથી અમદાવાદ આવતી ઈન્ડિગોની ફ્લાઈટમાં ૧૪૦થી વધુ પેસેન્જર્સ બેઠેલા હતા. તમામ પેસેન્જરનું બોર્ડિંગ કરીને બહાર કાઢવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ પણ એરપોર્ટ પહોંચી હતી. હાલ તમામ ચેકિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. ફ્લાઈટમાં કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.

# હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો : ભવનાથનો મેળો કુંભ મેળાની જેમ યોજાશે

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૧૮



જૂનાગઢના વિશ્વવિખ્યાત ભવનાથ મહાદેવના શિવરાત્રી મેળાને લઈને રાજ્ય સરકારે તૈયારી બતાવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં ભવનાથ મેળાના આયોજન, વ્યવસ્થા અને ભવિષ્યની દિશા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે-સાથે જૂનાગઢના આગેવાનો, સાધુ-સંતો, ધારાસભ્યો, મેયર તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. ભવનાથમાં દર વર્ષે મહાશિવરાત્રીના અવસરે પવિત્ર મેળો યોજાય છે, જેમાં દેશભરના લાખો શ્રદ્ધાળુઓ ભાગ લે છે.

# વડોદરા કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી: ૩ કલાકની તપાસ બાદ સુરક્ષા એજન્સીઓને રાહત

વડોદરા, તા.૧૮

વડોદરા કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો એક ઈ-મેલ મળતા ભારે દોડધામ મચી ગઈ હતી. ઈ-મેલમાં જણાવાયું હતું કે, '૧ વાગ્યા સુધીમાં કચેરી ખાલી કરાવી દેજો, નહીં તો બોમ્બથી ઉડાવી દઈશું.' આ ગંભીર ધમકીને પગલે તાત્કાલિક અકોટા પોલીસ, એસ.ઓ.જી., ક્રાઈમ બ્રાન્ચની સાથે બોમ્બ અને ડોગ સ્ક્વોડની ટીમો સ્થળ પર પહોંચી હતી. અરજદારોનો પ્રવેશ બંધ કરાવી, સુરક્ષા ટીમોએ લગભગ ત્રણ કલાક સુધી કચેરીના દરેક ભાગમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સર્ચ ઓપરેશનના અંતે, કચેરીમાંથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતા સુરક્ષા એજન્સીઓ અને વહીવટી તંત્રે હાશકારો અનુભવ્યો હતો. ત્યાર બાદ, કલેક્ટર કચેરીની કામગીરી ફરીથી રાબેતા મુજબ શરૂ કરવામાં આવી હતી.

# હાર્દિક પટેલ, અલ્પેશ કથીરિયા સહિત ચાર લોકોને રાજદ્રોહના કેસમાંથી મુક્તિ

**કેસ પરત ખેંચવાની સરકાર તરફથી અરજીને સુરત સેશન્સ કોર્ટે ગ્રાહ્ય રાખી**

સુરત,તા.૧૮





સુરતની સેશન્સ કોર્ટે આજે હાર્દિક પટેલ, અલ્પેશ કથીરિયા, વિપુલ દેસાઈ અને ચિરાગ દેસાઈને વર્ષો જૂના રાજદ્રોહ કેસમાંથી મુક્ત કર્યા છે. અમરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગંભીર કેસને પરત ખેંચવા માટે સરકાર તરફથી કરવામાં આવેલી અરજીને કોર્ટે ગ્રાહ્ય રાખી છે, જેના પરિણામે તમામ આરોપીઓનો આ કેસમાંથી સંપૂર્ણ છુટકારો થયો છે. સરકારના આ નિર્ણય અને કોર્ટની મંજૂરી બાદ લાંબા સમયથી ચાલી રહેલી રાજદ્રોહની કાયદાકીય પ્રક્રિયાનો આખરે અંત આવ્યો છે.








